
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું સંવત ૧૯૯૭
અંક ૫ મો માર્ગશીર્ષ



પરમ પવિત્ર શ્રી પુંડરીકગિરિ.

પ્રકાશકઃ—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. સદ્‌બોધક સાહિત્ય ( સારતાન્યોક્તિ ) .... ( કવિ રેવાશંકર વાલજી બધેકા. ) ૧૨૧
૨. અન્યોક્તિનું પદ્યાત્મક વિવેચન. ... ( " " ) ૧૨૨
૩. શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય : અનુવાદ ( ડૉ. ભગવાનદાસ મ. મહેતા ) ૧૨૩
૪. શ્રીમત્ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીને. ( મુનિ શ્રી હેમેંદ્રસાગરજી મહારાજ. ) ૧૨૭
૫. अपरं वा किं भविष्यति ? ... ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૧૨૮
૬. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?(મુનિશ્રી હંસસાગરજી મહારાજ.) ૧૨૯
૭. મનની પિછાન. ... ... ... ( શ્રી કનૈયાલાલ જ. રાવળ બી. એ. ) ૧૩૩
૮. શાંતરસની સર્વોત્કૃષ્ટતા. ... ... ( શ્રી મોહનલાલ દી. ચોકસી. ) ૧૩૭
૯. પરમાત્માનું અધિરાજ્ય. ... ... ( બાબુ શ્રી ચંપતરાયજી જૈની ) ૧૪૦
૧૦. સાધન સંબંધી કેટલીક વાતો.... ... ( અનુ: અભ્યાસી બી. એ. ) ૧૪૩
૧૧. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો આભાર. ... ... ૧૪૫
૧૨. એક સુધારો. ... ... ... ... ... ... ... ૧૪૫
૧૩. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૪૫
૧૪. સ્વીકાર સમાલોચના. ... ... ... ... ... ... ૧૪૭


---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના અત્યાર સુધીમાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને આ સભા તરફથી પ્રગટ થયેલાં અનેક સુંદર ગ્રંથો ભેટ આપવામાં આવેલા છે કે જેથી તેઓશ્રી એક સારી લાઇબ્રેરી કરી શકયા છે. સભાએ આ બાબતમાં ઘણી જ ઉદાર દૃષ્ટિ રાખેલ છે, કારણ કે આ સભામાં લાઇફ-મેમ્બર થનાર જૈન બંધુઓને આર્થિક દૃષ્ટિએ પણ છપાતા ગ્રંથોની કિંમત સામાન્ય રાખવામાં આવતાં ભેટના ગ્રંથોનો સારો લાભ મળે છે, કે જેવો લાભ બીજે મળી શકતો નથી, જે આ સભાના તે માટેના ધારાધોરણ અને રિપોર્ટનું મનનપૂર્વક વાંચન કરનાર બંધુઓ તે જાણી શકે તેવું છે. આ વર્ષે પણ નીચે લખેલા પાંચ ગ્રંથો ભેટ આપવાનો સભાએ નિર્ણય કરેલ છે.

૧. **શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ**—આ ગ્રંથમાં અંગ્રેજી, હિંદિ, સંસ્કૃત, ગુજરાતી, અને અન્ય ઇતર વિષયના વિદ્વત્તાપૂર્ણ ૧૩૩ લેખો આપવામાં આવેલા છે. તેમ જ મંદિરો, તીર્થો, મુનિમહારાજો, જૈનેતર વિદ્વાન લેખકો અને કેટલાક રાજા-મહારાજાના પાંચ, ત્રણ બે અને એકરંગી ચિત્રો-છબીઓ કુલ ૧૫૮ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. ક્રાઉન આઠપેજી સુમારે ૯૦૦) નવસેંહ પાનાનો દળદાર ગ્રંથ, સુંદર અક્ષરો, પાકા કપડાનું બાઇન્ડીંગ તથા આકર્ષક દ્વિરંગી જેકેટથી અલંકૃત કરવામાં આવ્યો છે, જે ઘણો જ દળદાર ગ્રંથ છે.

૨. **શ્રી વાસુપૂજ્યસ્વામી ચરિત્ર**—ગુજરાતી અનુવાદ-વિવિધ રંગના પ્રભુના તથા ચંપાપુરીના નવા જૂના મંદિરના, ગુરુમહારાજના તથા આર્થિક સહાય આપનાર ઉદાર નરરત્નના સુંદર ફોટાઓ આપવામાં આવેલ છે. આ સુંદર ચરિત્ર અને અનેક ધાર્મિક કથાઓ અને બોધદાયક વિષયો આપવામાં આવે છે. ક્રાઉન આઠ પેજી સાઇઝ, ફોર્મ ૪૦, ઊંચા એન્ટિક કાગળોમાં સુંદર ટાઇપ અને આકર્ષક કપડાના પાકા બાઇન્ડીંગ અને દ્વિરંગી જેકેટથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૮-૦

૩. **દેવસીરાઈ પ્રતિક્રમણ સૂત્ર**—શબ્દાર્થ, અન્વયાર્થ, ભાવાર્થ, વિધિઓ, હેતુઓ, અનેક સ્તવનો, સજઝાયો, ચૈત્યવંદનો વગેરે સહિત ૨૩ ફોર્મ, પાના ૩૬૮ જૈન શાળાપયોગી ગ્રંથ.

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ જું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન બંધુઓને અમૂલ્ય તક.

આ સભામાં દિવસાનુદિવસ લાઇફ-મેમ્બરોની વૃદ્ધિ થતી જાય છે અને સભા તરફથી પ્રકાશિત થતા અનેક ગ્રંથો ભેટ મળ્યે જાય છે. આવતા માસમાં થયેલા લાઇફ-મેમ્બર સાહેબોને તેઓશ્રી ગૌરવ લઇ શકે તેવા ગ્રંથો ભેટ આપવાના છે, જેથી હવે પછી આવતા વૈશાક મહિના સુધીમાં આ સભામાં નવા થનાર લાઈફ-મેમ્બરોને તે તે ગ્રંથો ભેટ આપવાની સભાએ ઉદારતા બતાવી છે, જેથી સત્વર લાઇફ-મેમ્બર થઇ લાભ લેવા સૂચના છે.

( વધુ વિગત માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું. )

---

## સૂચના.

શ્રી સારાભાઈ એમ. નવાબના તરફથી પ્રગટ થયેલા અને થતાં દરેક પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

લખો : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## શ્રી તપોરત્ન મહોદધિ.

( આવૃત્તિ બીજી છપાય છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે ! તૈયાર છે !! તૈયાર છે !!!

## શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા રત્ન ૮૬ મું.

श्रीमद् देवेन्द्रसूरिरचितस्वोपज्ञटीकोपेतः

# शतकनामा पचमः (पांचमो) कंमग्रंथः ।

तथा

## श्री मलयगिरिसूरिप्रणीतविवरणोपेतः श्री चिरत्नपरमर्षिप्रणीतः

# सप्ततिकानामा षष्ठः (छट्ठो) कर्मगंथः ।

સંપાદક.

પૂજ્ય પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના સુશિષ્ય **મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ.**

અમારા તરફથી પ્રથમ શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ ( પ્રથમ ભાગ ) પ્રકટ થયેલ હતો તેનો આ બીજો ભાગ ઉપરોક્ત પાંચમો તથા છઠ્ઠો કર્મગ્રંથ સાથે તૈયાર થઇ ગયેલ છે.

પ્રાચીન સંસ્કૃત–પ્રાકૃત ભાષા અને સાહિત્યના નિષ્ણાત વિદ્વાન મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે ઘણો જ પરિશ્રમ લઇ આ પાંચમા તથા છઠ્ઠા કર્મગ્રંથનું ઊંચા પ્રકારનું સંશોધન કરેલ છે. તેઓશ્રીની સંપાદન કૃતિના અનેક પ્રકટ થયેલ ગ્રંથોની વિદ્વાનવર્ગોએ પ્રશંસા કરેલી છે. તેઓશ્રીના સુશિષ્ય અને બાળબ્રહ્મચારી ચારિત્રપાત્ર સાક્ષરવર્ય પૂજ્યશ્રી પુણ્યવિજયજી મહારાજનો પોતાના પૂજ્ય ગુરુવર્ય સાથે આ સંપાદનકાર્યમાં અમૂલ્ય ફાળો છે. સંપાદક મહાપુરુષ સાહિત્ય સંશોધન માટે અપરિમિત ઉદ્યમશીલ, ભાષા અને સાહિત્યના અપૂર્વ નિષ્ણાત હતા અને તેમનું જીવન જૈન સમાજને કેટલું ઉપકારક હતું તેની જાણ માટે તેઓશ્રીના સુશિષ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે સત્યરૂપે જ લખેલ જીવનચરિત્ર ( તેઓશ્રીની છબી સહિત ) આ ગ્રંથમાં પ્રકટ થએલ છે જે ખાસ વાંચવા ભલામણ કરીએ છીએ.

આ ગ્રંથમાં પ્રથમ સંકેત સ્પષ્ટીકરણ અને પછી ગુજરાતી ભાષામાં પ્રસ્તાવના આપવામાં આવેલી છે. જેમાં આ ગ્રંથને અંગેનું વક્તવ્ય, છઠ્ઠાકર્મ ગ્રંથનું નામ, ગ્રંથકારો, સપ્તતિકાના પ્રણેતા, ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજને વિષે હકીકત અને તેઓશ્રીના રચિત પ્રકટ અપ્રકટ અલભ્ય ગ્રંથોના નામો અને સંશોધનના કાર્ય માટે એકત્ર કરેલી હસ્તલિખિત પ્રતો વગેરેનું વર્ણન સાક્ષરવર્ય **મુનિરાજશ્રી પુણ્યવિજયજી** મહારાજે લખી આ ગ્રંથનો સુંદર પરિચય કરાવેલ છે. ત્યારબાદ બંને ગ્રંથોનો વિષયાનુક્રમ અને પછી કર્મગ્રંથ મૂળ ટીકા સાથે શરૂ થાય છે. છેવટમાં શાસ્ત્રીય અવતરણની તથા તેમાં આવેલા ગ્રંથોના નામોની સૂચિ, ગ્રંથકર્ત્તાના નામની સૂચિ, પારિભાષિક શબ્દોની અનુક્રમણિકા, અકારાદિ લીસ્ટો પરિશિષ્ટોમાં આપેલા છે અને છેવટે છ કર્મગ્રંથોના અંતર્ગત વિષયોની તુલના દિગંબરી કયા શાસ્ત્રોમાં છે તેના સ્થળનિર્દેશો આપી આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.


સુંદર શાસ્ત્રીય અનેકવિધ ટાઇપોમાં, ટકાઉ ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર છપાવી, પાકા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથ સંશોધન કાર્યના અમૂલ્ય પ્રયત્ને તદ્દન શુદ્ધ અને સુંદર પ્રકટ થયેલ છે. કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૭ : માગશર :
અંક : ૫ મો : * * વિક્રમ સં. ૧૯૯૭ : ડીસેમ્બર :

# सद्बोधक साहित्य.

## सरितान्योक्ति

( आर्या गीति )

**यास्यति जलधरसमय, तव च समृद्धिर्लघीयसी भवीता ।**
**तटिनि ! तटद्रुमपातन, पातकमेकं चिरस्थायि ॥**

ભરચોમાસામાં નાનામોટા જળપ્રવાહોના એકત્ર થવાથી મહોન્મત્ત બનેલી એક નદીને કોઇ કિનારે ઊભેલો કવિ પાંથિક કહે છે કેઃ–

એ છલકતી–મલપતી–છકેલી સરિતા ! મારું આટલું કથન સાંભળી લે ! બહેન નદી ! આ ચોમાસાના દિવસો વેગથી ચાલ્યા જશે (કાયમ રહેશે નહીં ) અને આ તારી **જળરૂપી સમૃદ્ધિ** પણ તારા બે કાંઠાની અંદર શમી જશે; માત્ર રહેશે એટલું જ કે– તારો આશ્રય કરી રહેલાં આ તારા કિનારા પરનાં વૃક્ષોને તું આજ મદાંધ થઈ જડમૂળથી ઉખેડી રહી છો તેનું પાપ જ તારે શિર કાયમનું રહેશે !!! માટે બહેન ચેત ! શાન્ત થા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉપરની અન્યોક્તિનું પદ્યાત્મક વિવેચન.

હરિગીત છંદ.

મદભર છકેલી માનીનિ સમ, કાં બની ઉછાંછળી ?
મર્યાદ કે માઝા તજી, ઉદ્ધત થઇ ઉતાવળી;
એ ગર્વઘેલી ! પૂરજોસે, આજ તું છલકી રહી,
પણ યાદ નિશ્ચય રાખજે, આ સમૃદ્ધિ રહેશે નહીં. ૧

આવે ગ્રીષમ ત્યારે વિષમ દુઃખ સૂર્યોનાં કીર્ણોવડે,
અદ્‌ભૂત આ પૂર પાણીનું, તે નામમાત્ર નહીં જડે;
આ પાંથિકોનો પંથ તેં, ઉદ્ધત બની બંધ જ કર્યો,
પૂરી રીતે પસ્તાઈશ, એવો અવળ ઉદ્યમ આદર્યો. ૨

તારાં બિચારાં આશ્રિતો, "તટદ્રુમ" તું તાણી જતી,
સ્વજનોતણું રક્ષણ તજ્યું, ગર્વિષ્ટ ભ્રષ્ટ થઇ મતિ;
ચોમાસું આ ચાલ્યું જશે, અગણિત ચોમાસાં ગયાં,
વૃક્ષો–વિનાશ કર્યા તણાં, મહાપાપ તુજ શિરે રહ્યાં. ૩

અન્યોક્તિ આ સરિતાતણી, સદ્‌બોધ સૌને આપતી,
ઉચ્છૃંખલો યૌવનમદે છટકેલનાં મન માપતી;
છે ચાર દિનની ચાંદની, આખર અરે ! અંધેર છે,
શાણા થઇ જે સાર ગ્રહશે, તો પ્રભુની મહેર છે. ૪

દોહરા.

સમૃદ્ધિઓ સાંપડયે, થવું નહીં મદમસ્ત;
કાળચક્ર કુદરતતણું, કરે "ઉદય ને અસ્ત." ૧

સમયરંગ સમજી જવો, એ જ દક્ષનું લક્ષ;
કવિ–કોવિદો-સાક્ષરો, બોધ વદે નિષ્પક્ષ. ૨

ભાવનગર–વડવા
તા. ૧–૧૨–૧૯૪૦

લી૦ ધર્મપંથનો પાંથિક
**રેવાશંકર વાલજી બધેકા.**
ધર્મોપદેશક, ઉજમબાઇ કન્યાશાળા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય.

## સમશ્લોકી અનુવાદ (સટીક)

### દ્વિતીય સર્ગ.

### મહાસેન નૃપવર્ણન.

[ ગતાંક પૃષ્ઠ ૭૧ થી શરૂ ]

વંશસ્થ વૃત્ત.

ત્હેના યશોરૂપ પ્રપૂર્ણ ચંદ્રમા,
સમુજ્જ્વલો ભૂષણ જે ત્રિલોકમાં;
ત્યાં દુર્યશઃ શત્રુ નરેંદ્રવૃન્દનો,
કલંકની કાંતિ ધરી રહ્યો ગણો. ૨૨

રિપુતણા બખ્તર સાથ ભેટતી,
સ્ફુલિંગ ત્હેની અસિ ખૂબ વેરતી;
લોહી-જલે સિંચિત યુદ્ધ ભોમમાં,
વાવે બીજો શું જ પ્રતાપ દ્રુમના ? ૨૩

ઇચ્છાર્થી ઝાઝી ધનસંપદા લહી,
ભૃત્યો થયા ઉન્નત જેહ, તે મહીં;
સંક્રાંત જાણે, મદ લેશ તો કહીં,
મહાપ્રભુત્વે ય દીસે ન તે મહીં. ૨૪

૨૨. તે રાજાનો યશરૂપ પૂર્ણ ચંદ્રમા ત્રણે લોકનું અત્યંત ઉજ્જ્વલ ભૂષણ છે; અને તેમાં શત્રુ રાજાઓનો દુર્યશ મોટા લાંચ્છનની શોભા ધારણ કરી રહ્યો છે.-**રૂપક.**

૨૩. શત્રુઓના બખ્તર સાથે અથડાતી ત્હેની તલવાર-પુષ્કળ સ્ફુલિંગો-તણખા વેરે છે; તે જાણે રૂધિરરૂપ જલથી સિંચાએલી યુદ્ધભૂમિમાં પ્રતાપરૂપ વૃક્ષના બીજની પરંપરા વાવી રહી હોયની !-**ઉત્પ્રેક્ષા.**

૨૪. ઇચ્છાથી અધિક ધનસંપત્તિ પ્રાપ્ત કરીને તેના સેવકો જે ઉન્નત (ઊંચી સ્થિતિવાળા અથવા અક્કડ)થયા છે, તેઓમાં જાણે મદ સંક્રાંત થઈ ગયો હોયની ! એમ તે રાજાને, મહાપ્રભુત્વમાં પણ ક્યાંય, મદનો લેશ લોકોના જોવામાં આવતો નહિં.-**ઉત્પ્રેક્ષા.** તાત્પર્યઃ-તે મદરહિત હતો, અને તેના સેવકો ઊંચી સ્થિતિવાળા અને પોતાના સ્વામીનું અભિમાન ધરાવતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળો રિપુમાં ધવલ ક્ષમાભરે,
રાતો ગુણે તે હરિતઃ પ્રતાપીને;
જનોની આંખે પીત ચિત્રવર્ણ રે,
વિવર્ણતા શત્રુગણોતણી કરે. ૨૫

દિગ્ હસ્તી-ચર્મ ધમણે ફુંકાયલા,
વાયુથી ઉદ્દીપ્ત પ્રતાપ-આગમાં;
શત્રુ-કટક કાંચન શોભ ધારતા,
જગત્પુટે ભૂપતિ તે ભમાવતો ! ૨૬

વેલા લહી કો રિપુએ પયોધિની,
અને બીજાએ બલી તે નૃપાલની;
તેથી હું માનું ન પૂરાયું ક્યાંયથી,
કૌતુક ત્હેનું ભુજ-વિક્રમે કદી. ૨૭

ભયાર્ત્તના રક્ષણની નિરંતરે,
મહા પ્રતિજ્ઞા લીધી હોય શું ખરે !
એવી અસિ ત્હેની ભયાતુરા અતિ,
શત્રુયને હાનિ કરે નહિં કદી. ૨૮

૨૫. શત્રુઓ પ્રત્યે કાળો, ક્ષમા-પૃથ્વીનો ભાર ઉપાડવામાં ધવલ (ધોળો), ગુણોમાં રક્ત (રાતો) પ્રતાપવાન્ હરિત (લીલો) અને લોકોની આંખે પીત (પીળો)-એમ અનેક વર્ણવાળો તે રાજા શત્રુઓની વિવર્ણતા [વર્ણરહિતપણું] કરે છે ! આ **વિરોધાભાસ** અલંકાર છે. આ વિરોધનો પરિહારઃ-

તે શત્રુઓ પ્રત્યે કાળ છે, પૃથ્વીનો ભાર ઉપાડવામાં ધવલ વૃષભ છે, ગુણોમાં રક્ત [રાગવાળો] છે, હરિતઃ (હરિથી-ઇંદ્રથી) પ્રતાપી છે, અનેક લોકોની આંખે પીત [સાદર અવલોકાયેલો] છે એમ અનેક વર્ણ-કીર્તિવાળો તે, શત્રુઓની વિવર્ણતા-અપકીર્તિ (કીર્તિ ઝાંખી પાડવી તે) કરે છે.

૨૬. દિગ્ગજોના ચર્મની ધમણથી ફુંકાયેલા પવનોથી પ્રજ્વલિત થયેલા પ્રતાપરૂપ અગ્નિમાં કાંચન શોભા ધરતા, શત્રુ-કટકને તે રાજા જગત્-પુટ પર ભમાવતો હતો. **રૂપક. શ્લેષ:** આ પ્રમાણે કટક=(૧) કડું (૨) સૈન્ય. કાંચન=(૧) કંઇક, અનિર્વચનીય, (૨) સોનું.

૨૭. કોઇ શત્રુઓએ તો સમુદ્રની વેલા (ભરતી) ગ્રહણ કરી, [ભરતીમાં ડૂબી મુઆ અથવા સાગરતટ ભણી ભાગી ગયા]અને બીજાઓએ તે રાજાની વેલા [મર્યાદા] ગ્રહણ કરી તેથી હું માનું છું કે તે રાજાનું ભુજ-પરાક્રમ બતાવવાનું કૌતુક ક્યાંયથી પૂરાયું નહિં. **ઉત્પ્રેક્ષા** અને **શ્લેષ.**

૨૮. ભયાર્ત્તના રક્ષણની સદાય મોટી પ્રતિજ્ઞા જાણે લીધી હોય એમ ત્હેની તલવાર ભયાતુર શત્રુ પ્રત્યે પણ હાનિ કરતી નહિં-**ઉત્પ્રેક્ષા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ એકચિત્તે ફણિનાથ તેહ કો,
સમર્થ જો ચિંતવવા જ હોત તો;
સહસ્રજિહ્વી હમણાં ય તે અહો !
કાં વર્ણવે ના ગુણ તેહના કહો ? ૨૯

નિશામહીં તો મલિનાંબર સ્થિતિ,
પ્રગલ્ભ સ્ત્રીના સુરતે દ્વિજક્ષતિ;
'ક્વિપ્'નો હતો સર્વ વિનાશ સંસ્તવ,
પ્રમાણશાસ્ત્રે પરમોહ સંભવ ૩૦

ધનુર્ધરોની કરવાલશૂન્યતા,
અગ્નિમહીં તો અવિનીતતા સ્થિતા;
ગુણચ્યુતિ બાણ વિષેજ વર્ત્તતી,
જ્યારે જગત્ તે ધરતો ધરાપતિ. (યુગ્મ) ૩૧

**૨૯.** પોતાના એકચિત્તમાં જો ફણીશ્વર–શેષનાગ ત્હેના ગુણો ચિંતવવા પણ સમર્થ હોત, તો તે હજાર જીભવાળો હમણાં પણ ત્હેના ગુણો કેમ વર્ણવતો નથી ?–એકચિત્તે ચિંતવેલું, હજાર જીભે વર્ણવવું રહેલું છે; પણ આ તો તેનાથી પણ બનતું નથી. એટલે તેના ગુણનું એવું અચિંત્યપણું છે તો તે વર્ણવી શકાય જ કેમ ?–**અતિશયોક્તિ અલંકાર,**

**૩૦–૩૧.** હવે બે શ્લોકોવડે કેટલાક **પરિસંખ્યા અલંકારથી** વર્ણન કરે છેઃ પરિસંખ્યા એટલે અપવાદિક વસ્તુનો નિર્દેશ કરી સાધવામાં આવતી કાવ્યચમત્કૃતિ.

જ્યારે તે રાજા જગત્નું ધારણ કરતો હતો ત્યારે—

(૧) રાત્રિમાં જ મલિન અંબર સ્થિતિ–મલિન કાળા આકાશની સ્થિતિ હતી; અન્યત્ર ક્યાંય મલિન–મેલા અંબર–વસ્ત્રની સ્થિતિ ન હતી. સર્વ કોઈ સ્વચ્છ વસ્ત્ર પરિધાન કરતા હતા.

(૨) પ્રગલ્ભ સ્ત્રીના સુરતમાં દ્વિજક્ષતિ–દંતક્ષતિ હતી; અન્યત્ર દ્વિજ–પક્ષીની ક્ષતિ–નાશ ન હતો.

(૩) 'ક્વિપ્–વ્યાકરણપ્રસિદ્ધ પ્રત્યયવિશેષને સર્વવિનાશ સંસ્તવ ( સર્વથા ઊડી જવાનો પરિચય ) હતો. અન્ય કોઇને સર્વ વિનાશ–સર્વસ્વ નાશનો પરિચય ન હતો.

(૪) પ્રમાણશાસ્ત્રમાં પરમોહસંભવ ( પરમ ઊહ–તર્કનો સંભવ) હતો; પરંતુ અન્યત્ર પર–પરમ મોહનો સંભવ ન હતો.

(૫) ધનુર્ધરોની કરવાલશૂન્યતા–(તલવાર રહિતપણું) હતી; પણ બીજાને કરવાલ ( કરબાલ ) શૂન્યતા, હાથમાં બાલક રહિતપણું ન હતું; સર્વ કોઈ સંતાનસુખથી સુખી હતા.

(૬) અગ્નિમાં જ અવિનીતતા, અવિથી દોરાવાપણું હતું ( અવિમેષ–એ અગ્નિનું વાહન છે;) અન્યત્ર ક્યાંય અવિનીતતા (અવિનયપણું) હતી નહિં. સર્વ કોઇ વિનયવંત હતા.

(૭) ગુણચ્યુતિ, દોરીથી છૂટવાપણું, બાણમાં જ હતું. અન્યત્ર ક્યાંય ગુણચ્યુતિ (સદ્ગુણથી ભ્રષ્ટ થવાપણું) હતી નહિં, સર્વ કોઇ સદ્ગુણસંપન્ન હતા.

આમ **શ્લેષયુક્ત** વિશેષણો યોજી **પરિસંખ્યાથી** રાજાનો મહિમા વ્યક્ત કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંજન જ્ઞાન-કરો પ્રસારતા,
પ્રમોદથી શ્રી જિનચંદ્ર ધારતા;
તે સર્વ પૃથ્વીપતિ ચિત્તની મહીં,
તમોવકાશ ક્ષણુ દીસતો નહિં. ૩૨

મહા નદીનો અજડાશયી છતાં,
અનષ્ટસિદ્ધિ પરમેશ્વરો છતાં;
રાજા છતાં અદ્દ્‌ભુત ઉદયી બલી,
નિકાર ત્વિભાવરીનો રહ્યો કરી. ૩૩

તરંગી અબ્ધિનું દુકૂલ વસ્ત્ર તો,
સ્તનો ઊંચા પશ્ચિમ પૂર્વ પર્વતો;
ભૂ ભોગવે એવી વધૂ શું ભૂવર,
વરોરુદેશે કર નાંખી કોમલ. ૩૪

( ચાલુ )

---

૩૨. નિરંજન જ્ઞાનરૂપ કિરણો ફેલાવતા શ્રી જિનેંદ્રરૂપ ચંદ્રને પ્રમોદથી ધારણુ કરતા તે રાજાના ચિત્તમાં તમસ્‌નો અવકાશ ક્ષણુ પણુ દીસતો નહિં-તે રાજા પરમ જિનભક્ત હતો.

તમસ્‌=**શ્લેષ**: (૧) અંધકાર, (૨) અજ્ઞાન અંધકાર. **રૂપક** અલંકાર.

૩૩. અત્રે **વિરોધાભાસ અલંકાર**થી વર્ણવે છે.—

(૧) તે રાજા મહાનદીન (મહા+નદી+ઇન=મહાનદીનો સ્વામી, સમુદ્ર) છે, છતાં જડાશય (જલાશય, સમુદ્રાદિ) નથી. વિરોધનો પરિહાર:—તે મહા ન દીન (મહાન્ અને અદીન) છે, છતાં જડાશય-જડ-મંદ આશયવાળો નથી.

(૨) તે અનષ્ટસિદ્ધિ (અષ્ટ સિદ્ધિ રહિત) છે, છતાં પરમેશ્વર છે. અષ્ટ સિદ્ધિ રહિત છતાં પરમેશ્વર કેમ હોય? તે વિરોધનો પરિહાર—તે અનષ્ટ સિદ્ધિ એટલે જેની સિદ્ધિ નષ્ટ નથી એવો છે, છતાં પરમેશ્વર-પરમ ઐશ્વર્યવાન્ છે.

(૩) તે અદ્દ્‌ભુત ઉદયવાળો રાજા (ચંદ્રમા) છતાં તે વિભાવરીઓનો (રાત્રિઓનો) તિરસ્કાર કરે છે! ચંદ્ર નિશાપતિ કહેવાય છે તે તેનો તિરસ્કાર કેમ કરે? એ વિરોધનો નિરાસ—અદ્દ્‌ભુત ઉદયવાળો તે રાજા (ભૂપતિ) વિભાવરીનો (વિભૌ+અરીણાં=શત્રુઓના વિભુ-સ્વામી પ્રત્યે) તિરસ્કાર કરી રહ્યો છે.

૩૪. તરંગવંતા સમુદ્રરૂપ રેશમી સાડી જેણે પહેરી છે અને પૂર્વ-પશ્ચિમ પર્વતરૂપ જેના સ્તન છે, એવી પૃથ્વીને તે ભૂપતિએ વર-ઊરુદેશે કોમલ કર નાંખીને, વધૂની જેમ, ભોગવી. **રૂપક** અને **શ્લેષ**નો **સંકર.**

વરોરુદેશે-**શ્લેષ**-(૧) **વર**-ઉત્તમ ઊરુદેશે-સાથળના પ્રદેશમાં;
(૨) **વર**-ઉત્તમ ઊરુ-વિશાળ દેશે-રાષ્ટ્ર વિભાગમાં

**કર**-શ્લેષ: (૧) હાથ, (૨) રાજભાગ. (૨) **કોમળ**-શ્લેષ: (૧) મૃદુ, ( ૨ ) હલકો; હળવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમત્ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીને.

( ઝીણા ઝરમર વરસે મેહ......એ રાગ. )

મહા આચાર્યદેવ ગુરુરાજ,
ગાઓ હેમચંદ્રને સખી,
હોંશે ઉજવો ઉત્સવ રૂડો આજ.- ગાઓ-ટેક
ગુર્જર દેશમાં જનમ્યા સૂરિજી,
સંસ્કાર સર્વને આપ્યા;
સ્મૃતિમાં ઉત્તમ, જ્ઞાની ગુરુવર,
સંશય સર્વના કાપ્યા- ગાઓ-મહા. ૧

શાસનરક્ષક ગુર્જર કવીશ્વર,
લાલિત્ય કાવ્યે દીધું;
ભાષાવિશારદ, સંયમી યોગી,
સાહિત્ય અમૃત પીધું- ગાઓ-મહા. ૨

કુમારપાળને ઉપદેશ આપી,
કરાવી પ્રાણીની સેવા;
સમદર્શી કીધો સિધ્ધરાજ ભૂપને,
નમું આચાર્યવર એવા- ગાઓ-મહા. ૩

કાર્તિક પૂર્ણિમાએ જનમ્યા પ્રભાવી,
ઉત્સવે ગુર્જરી રાચે;
આબાલવૃધ્ધ નર-નારીનાં હૈયાં
અતુલ હર્ષે નાચે- ગાઓ-મહા. ૪

ચોરાશી વર્ષો ગાળ્યું જીવન આ,
સાહિત્ય સરિતાને રેલી;
હેમેન્દ્રકેરા ગુરુ અજિત સદા,
ગુર્જરી ગાઇ થાતી ઘેલી- ગાઓ-મહા. ૫

લે. મુનિ૦ હેમેન્દ્રસાગરજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહકઃ—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# “ अपरं वा किं भविष्यति ? ”

**જૈન**–ધર્મની પ્રાચીન જાહોજલાલીનાં જેટલાં બણગાં આપણે ફુંકીએ છીએ, એના પ્રમાણમાં વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ ઘણો ઓછો કરીએ છીએ, અને જ્યારે કોઇ વર્તમાન પરિસ્થિતિનો ચિતાર ઊભો કરે છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો વર્તમાન પરિસ્થિતિ ‘નગ્ન સત્ય’ તરીકે કોઇ આલેખી બતાવે છે ત્યારે તેને આપણે સમાજના અને ધર્મના દ્રોહી તરીકે જાહેર કરીએ છીએ. અને બની શકે તો તેને પાછો પાડવા, તેને હેરાન કરવા આપણાથી બનતું કરીએ છીએ. આમ કરવાનું ખરું કારણ આપણી કમજોરી છે. તેટલા અંશમાં આપણે ગુન્હેગાર છીએ. જો કોઇ પણ વ્યક્તિનું કહેવું સત્ય જ છે, આપણો અંતરાત્મા સત્ય તરીકે જ તેને સ્વીકારી રહ્યો છે તો આપણે તેનાં વચનોનો આદર કરી યથાશકય આપણી તે ભૂલને સુધારવા પ્રયત્નશીલ થવું જોઇએ, અને વસ્તુતઃ તેનું વક્તવ્ય અસત્ય જ છે, તો તેનો સભ્યતાપૂર્વક પ્રતીકાર કરવો જોઇએ.

જૈન ધર્મની રક્ષા માટે આપણા ઉપર જે જુમ્મેવારી રહેલી છે તે આપણે સમજવી જોઇએ છે. જૈનધર્મ યુનિવર્સલ ધર્મ છે. આ ધર્મનો તો દુનિયાભરમાં પ્રચાર થવો જોઇએ. અને તેમાં પણ સમય એટલો બધો અનુકૂળ આવી લાગ્યો છે કે આ સમયે તો જેટલો ધર્મનો પ્રચાર કરવો હોય તેટલો થઇ શકે તેમ છે. નથી પહેલાંના જેવા રાજકીય પ્રતિબંધનો કે નથી પહેલાંના જેવા પ્રજાકીય દ્વેષો. મેદાનો ખુલ્લાં છે, દરવાજા ઉઘાડા છે. ‘બોલે તેનાં બોર વેચાય છે’ ‘લાઠી તેની ભેંશ’ થઇ પડી છે. ગમે ત્યાં વિચરો, ગમે ત્યાં બેસો ને ગમે ત્યાં ઊભા રહો. મરજીમાં આવે તેમ પોતાનાં તત્ત્વો–પોતાનાં મન્તવ્યો જનતાની સમક્ષ મૂકી શકાય છે. મૂકનાર જોઇએ, પ્રકાશનાર જોઇએ, બહાર પાડનાર જોઇએ. પરન્તુ ખામી તેટલી જ છે કે મૂકનાર નથી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ઓળખનાર નથી અને તેથી જ અત્યારે ઊલટો પ્રવાહ થઇ રહ્યો છે. જે સમયે હજારો મનુષ્યો ભદ્રિક પરિણામી થવા જોઇએ તે સમયે હજારો મનુષ્યો જૈન ભાવનાઓથી વંચિત થઇ રહ્યા છે અને જે સમયે લાખો નવા જૈનો બની શકે તેમ છે તે સમયે ખૂદ જૈનો જૈન ધર્મને છોડી રહ્યા છે. જગતમાં જિજ્ઞાસા વધી છે, તત્ત્વાતત્ત્વના વિચારકો ઘણા થાય છે; પરન્તુ તેમની જિજ્ઞાસાઓ આપણે કયાં પૂરી કરીએ છીએ ? આપણે તેઓને કયાં ઉપદેશ આપીએ છીએ ? આપણે કયાં સાહિત્ય પૂરું પાડીએ છીએ ? આપણે વાસ્તવિક જૈન ધર્મની શિક્ષાનાં કયાં સાધનો આપીએ છીએ ? ત્યારે જૈનધર્મીઓની સંખ્યા વધતી નથી એમાં દોષ કોનો ? આપણો જ. અરે, જૈનધર્મીઓની સંખ્યા વધવાની વાત દૂર રહી, ખૂદ જૈનો જૈનધર્મ છોડી રહ્યા છે. કોને પત્તો છે ? કોને ખબર છે ? ન માલૂમ કેટલાયે જૈનો કોઇને કોઇ કારણે જૈન ધર્મ છોડી રહ્યા છે ? તો જૈન સમાજે ચેતવાની ખાસ જરૂર છે. જૈન ધર્મની શી દશા થશે !! જૈન સમાજની દુર્દશા કયાં જઇને અટકશે ? ચેતો ! મુનિરાજો ! ચેતો ! ધનાઢ્યો ! ચેતો ! જૈન ધર્મીઓને બચાવવા માટે પ્રયત્નશીલ થાઓ ! જો પ્રમાદ રાખતા રહીશું તો ધીરે ધીરે **अपरं वा किं भविष्यति**–બીજું શું શું થશે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:-મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા. ]

[ ગતાંક પૃષ્ઠ ૧૧૦ થી શરૂ ]

શ્રી તીર્થંકર મહારાજાદિ ગુરુઓના ઉપદેશ વિના જ કર્મના ઉપશમનાદિથી પ્રાણીને જે સ્વભાવથી જ-સ્વાભાવિક રીતે જ થાય તે નિસર્ગ સમ્યક્‌ત્વ કહેવાય છે. ( જેમ કોઇ પંથભ્રષ્ટ મુસાફર કોઇએ માર્ગ બતાવ્યા વિના જ માર્ગને મેળવી પણ લ્યે, અર્થાત્ કોઇને ઔષધ વિના જ તાવ ચાલ્યો જાય છે તેમ એ ભાગ્યવાનને કોઇપણના ઉપદેશરૂપ ઔષધ વિના જ મિથ્યાત્વરૂપ તાવ દૂર થવાથી સમ્યક્‌ત્વરૂપ આરોગ્યતા પ્રાપ્ત કરે છે. ) "તેમજ કોઇ પંથભ્રષ્ટ પાંથિક જેમ કોઇના ઉપદેશવડે માર્ગ મેળવી લ્યે છે, તથા જેમ કોઇનો તાવ ઔષધવડે જ દૂર થાય છે;" તેમ જે પ્રાણીને શ્રી તીર્થંકર મહારાજાદિ ગુરુવરોના ઉપદેશ તથા જિનપ્રતિમાના દર્શન આદિ બાહ્ય નિમિત્તોના આધારે જે પ્રાપ્ત થાય તેને અધિગમ સમ્યક્‌ત્વ કહેવાય છે.

સમ્યગ્‌દર્શનને પામેલ આત્મા પોતાને દર સમયે પ્રાપ્ત થતા કર્મબંધના કારણોને સમ્યક્ પ્રકારે-સત્ય રીતે જાણે છે. તે કર્મબંધના કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે અને એ ચાર હેતુઓવડે પ્રતિસમય બંધાતાં ક્લિષ્ઠ કર્મોનો ઉદય જાતે જ સહેવો પડશે-વેદવો પડશે. અરે ! નિરાધાર અવસ્થાવશ બનીને કપરી રીતે ભોગવવો પડશે, એવો એ સમ્યગ્‌દર્શનના પ્રતાપે એને પાપનો ભારી ભય લાગે છે. આથી એ ભાગ્યવાન્ પ્રથમ તો ક્લિષ્ઠ કર્મને આત્મસાત્ કરીને પ્રાણીને પીડનાર એ ઉપરોક્ત આશ્રવદ્વારોને જ રુંધવા જિજ્ઞાસુ બને છે. સમર્થ હોયે એને સર્વ પ્રકારે રૂંધવાનો અમલ પણ અતિ ત્વરાએ કરે છે. અર્થાત્ એ સમ્યક્‌ત્વરત્નને નિર્મળ રાખવાની પૂર્ણ ખંતવડે એને મલિન બનાવનારાં દૂષણોનેય દૂર ધકેલવાની તમન્નામાં રક્ત એવો તે પુણ્યવાન્ એ ચારે ય આશ્રવ હેતુઓને તો પોતાના પરમ આત્મશત્રુ માનીને સદાને માટે જ આત્મઘરમાં પેસતાં અટકાવવા સદ્‌ગુરુને શરણે જઇને સંસારનો સર્વત્યાગરૂપ મુનિધર્મનો જ સ્વીકાર કરે છે.

ગીતાર્થ ગુરુમહારાજા પણ એને ઉત્કટ ભવનિર્વેદી જાણીને સમયનિર્દિષ્ટ અષ્ટાદશ દોષમાંથી શક્ય દોષ તપાસવાવડે દોષરહિત જાણીને ક્ષણમાત્ર વિલંબ વિના કલ્યાણકર ચારિત્ર સમર્પી દે છે, કારણ કે અનાદિકાલથી અનંતી વખતનો સંસારરૂપી એનો દિલોજાન સગો 'એ પુણ્યશાલીના પરમપુણ્યોદયે પ્રાપ્ત થએલા એ આત્મનિસ્તારક વિશુદ્ધતર શુભ પરિણામને' પોતાના સબલ સૈન્યરૂપ કંચન-કામિની-કાયા અને કુટુંબાદિના વિવિધ પ્રલોભનરૂપી તીક્ષ્ણ શસ્ત્રોવડે હણી નાખતાં પણ ક્ષણ માત્ર વિલંબ કરવાનો નથી, એ વાતને પરમતારક ગુરુદેવ શ્રુતજ્ઞાનના બળે સુતરાં જાણતા જ હોય છે અને એથી તો જો કોઇ ભવનિર્વેદી એવો ચારિત્રાકાંક્ષી મહાત્મા પોતાના કુટુંબીઓની જ અનુજ્ઞા મેળવવા પૂરતું ય સંસારમાં થોભવા મન વ્યક્ત કરે તેને પણ ભવચેષ્ટાની ભયંકરતાવિદ્ ગુરુદેવ સાફ સાફ જણાવી દે છે કે-'એવું તેં મન કર્યું તે તો ઠીક પણ **तत्र प्रतिबन्धं मा कुर्याः**' અર્થાત્ હાલ તો ભલે તું કુટુંબીઓની અનુજ્ઞા પૂરતો જ જાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મારી એક શિખ સાંભળતો જા, અને તે એજ કે ત્યાં મમતાવાળો ન થતો ! અસ્તુ.

કર્મના હેતુભૂત એ ચતુષ્ટયીને સર્વથા અને સદાકાલ અલગી કરવા જે અસમર્થ હોય છે તેવો સમ્યગ્દ્દષ્ટિ સંસારમાં રહીને પણ એ ભવ-નિસ્તારક સર્વવિરતિ ધર્મને સત્વર આત્મસાત્ કરે, એવા ઉત્કટ વ્રત–તપ–જપ અને ત્યાગથી ભરપૂર દેશવિરતિ ધર્મને અંગી કરે છે. આ ધર્મ પણ કેટલો તીક્ષ્ણ, વિશિષ્ઠ અને ગુણોત્કૃષ્ટ છે તે તો સર્વવિરતિ ધર્મનો સવિસ્તર અધિકાર સમજવા અવસરે શ્રી સદ્ગુરુના શ્રીમુખે જ જાણીશું.

ભાઇ કુસુમ ! ગૃહીધર્મમાં પણ એ પુણ્યાત્મા આપણે પૂર્વે (આ આત્માનંદ પ્રકાશ પુસ્તક ૩૭ ના અંક ૭, પૃષ્ઠ ૧૮૨ થી૧૮૪ ઉપર ) વર્ણવી ગયા તે મુજબના શ્રાવકોચિત એકવીશ ગુણકુસુમો-વડે સુવાસિત હોય છે અર્થાત્ એ એકવીશ ગુણ-સંપન્ન સુશ્રાવક દેશવિરતિ ધર્મરત્નને યોગ્ય હોય છે અને યોગ્યતાને લીધે જ દેશવિરતિરૂપ ગૃહીધર્મને પૂર્ણ ખંતથી સેવવાને પરિણામે એ ભાગ્યવાન્ ભવિષ્યમાં કહીશું તેવા ભાવશ્રાવકોચિત સત્તર ગુણરત્ના-ધિવાસિત પણ બન્યો સતો વિશિષ્ઠ પરિણામની અપેક્ષાએ 'ભવ્ય શ્રાવકરૂપ રત્નસમૂહમાં' ભાવશ્રાવક-રૂપ જાત્યરત્નપણે અનેરો જ ઝળકી ઉઠે છે ! અને તેથી જ દેશવિરતિ ધર્મને પણ દીપાવવામાં એ મહા-નુભાવ તો સર્વોત્તમ જ હોય છે !

દેશવિરતિ ધર્મને પણ આદરવા જે અશક્ત હોય છે તે ભાગ્યવાન્ સમ્યક્ત્વ ધર્મમાં તો રંગાઇ જ ગયેલો હોય છે; અને તેથી જ એ સ્થિતિમાં પણ એનો અંતરનાદતો 'પોતાના આત્માને' અહોનિશ એ જ ઉદ્બોધન કરતો હોય છે કે—

**दुष्टः कर्मविपाक भूपतिवशः कायात्द्वयः कर्मकृत् ।**
**बद्ध्वा कर्मगुणैर्हृषीकचषकैः पीतप्रमादासवम् ॥**

**कृत्वा नारकचारकापदुचितं त्वां प्राप्य चाशुच्छलं ।**
**गन्तेति स्वहिताय संयमभरं तं वाहयाल्पं ददत् ३७**

અર્થ:–" હે આત્મન્ ! કર્મરાજાના હુકમને આધીન એવો આ કાયા નામનો દુષ્ટ અનુચર--કર્મ-રૂપી દોરડાંઓવડે તને બાંધીને, અને પાંચે ઇન્દ્રિયો-રૂપી મદિરાપાન પાંચ પાત્રોવડે પ્રમાદરૂપી સુરાપાન કરવાને પરિણામે નર્કરૂપી ભયંકર કેદખાનાનાં દીર્ઘકાલીન કિલષ્ટ–દુ:ખોને યોગ્ય બનેલા તને પામીને-ઉઠાવીને છળ જોઇને ચાલ્યો જનાર છે. એ રીતિએ તેને ઓળખી લઇને તેને ' ધર્મના સાધનભૂત દેહને' અલ્પ અલ્પ જ દેતો સતો પોતાના આત્મહિતને માટે સંયમભારનું વહન કર."

તેવા પ્રકારની વિશિષ્ટ ભાવનાને યોગે એ સમ્યગ્દષ્ટી પુણ્યાત્મા પણ ઉત્તરોત્તર સમસ્ત સંસાર તજી દેવા સમર્થ બને છે. તેમાં મુખ્ય કારણ એ જ છે કે ' દ્રવ્ય અને ભાવથી મુંડ બનીને સર્વચારિત્ર ગ્રહણ કરવું એ જ મોક્ષનો ધોરી પંથ છે ' એવાં શ્રી જિનેશ્વર મહારાજ ખુદનાં પણ વર્ત્તન અને વચન પ્રતિ તો તે પૂર્ણ શ્રદ્ધા જ હોય છે; કારણ કે એવી શ્રદ્ધા ધરનાર જ સમ્યગ્દષ્ટિ હોઇ શકે છે. નાટકીયાઓની માફક શ્રી જિનરાજનાં વર્તન અને વચન ભિન્ન હોતાં જ નથી તેથી વચનશ્રદ્ધા-વાન્ સમ્યગ્દષ્ટિ મોક્ષાર્થી જ હોવાથી એકલાં વચન જ આદરવામાં સંતુષ્ટ ન થતાં પોતાની શક્તિ-અનુસાર શ્રી જિનરાજના વર્તનનો પણ હરીફ બનવા બનતું કરી છૂટીને જ જપે છે ! એમ કર્યા સિવાય ઘેર બેઠાં જ મોક્ષ મળી જતે તો તદ્ભવમોક્ષગામી ચરમશરીરી અને અતુલ બળરિદ્ધિના માલીક હોઇને સંસારાવાસમાં ક્રોડો દેવોથી સેવાતા શ્રી જિનરાજ દેવો પણ સંસારને ભયંકર માને અને તેવું માનીને જ નહિં બેસી રહેતાં એ ભયંકર સંસાર સાવમૂળ ફગાવી દઇને સર્વ સંયમનો જ સ્વીકાર શું કામ કરે ? આવી વાતોના સાચા પણ રદીયાની સમ્યગ્દષ્ટિ મહાત્માને તો કાંક્ષા પણ થતી નથી. એને તો નક્કી જ થયું હોય છે કે–'મોક્ષપ્રાપ્તિ માટે શ્રી જિનેશ્વર દેવો પણ સર્વસંગ તજી, ચારિત્ર લીધા પછી પણ ઘોર ઉપસર્ગાદિ સહવા દ્વારા કૃત્સ્નકર્મનો ચૂરો કર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી જ કૈવલ્ય ઉપાર્જી મોક્ષ પામ્યા છે, તો મોક્ષાર્થી એવો હું પામર તો યથાશક્તિ તેવી જ રીતે વર્તું-આચરું તો જ મોક્ષ પામી શકું" આવી સુંદર વાસનાના યોગે સમ્યક્ત્વવાન પણ ક્રમે સંસાર તજવાનો જ પિપાસુ હોય છે એ નિશ્ચિત બીના છે.

સંસાર ન તજી શકે ત્યાં સુધી એની મીટનજર તો સર્વદા સર્વવિરતિ તરફ જ ! શ્રી સમ્યક્ત્વના પ્રબળ પ્રભાવે 'અઢારે પાપસ્થાનકથી સેવાતો સંસાર તો સંસારમાં જ રહ્યાં છતાં' એને શલ્યવત્ સાલે છે! ભાલાની જેમ ભોંકાય છે! વીંછીની વેદના આપે છે! અણછૂટકે ય થતાં પાપો અને સાપો કરતાં અતિ ભયંકર લાગે છે! આરંભ કરતાં લાગતાં પાપોની યાદી પણ એને કમકમાવે છે, થરથરાવે છે! આમ છતાં ય કર્મોદયે સંસાર નહિં છુટતો હોવાથી ક્રમે સર્વારંભ પ્રતિ એ ઉદાસીનભાવને ભજે છે! સાંસારિક કૃત્યોમાં એને ચેન જ પડે નહિં! એને તો આત્મકલ્યાણના પરમ હેતુભૂત એવા શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની પૂજા, સેવા, શ્રવણ અને સ્વાધ્યાય-દાનાદિમાં જ મજા પડે. દેશવિરતિધર્મ આદરવા અશક્ત હોય એવા પણ ધર્મીને ઉપરોક્ત ધર્માચરણો તો સુલભ હોવાથી એને તો એ કેમ જ તજે? કારણ કે એ ગૃહીધર્મ તો સર્વ ગૃહસ્થોને સામાન્ય છે. કહ્યું છે કે—

**भक्तिः श्रीवीतरागे भगवति,**
**करुणा प्राणिवर्गे समग्रे।**
**दीनादिभ्यः प्रदानं श्रवणमनुदिनं,**
**श्रद्धया सुश्रुतीनाम् ॥**
**पापापोहे समीहा भवभयमसमं,**
**मुक्तिमार्गानुरागः ।**
**सङ्गो निःसङ्गचित्तैर्विषयविमुखता,**
**हर्म्यिणामेष धर्मः ॥ ३८ ॥**

**અર્થ**:—"ભગવાન્ શ્રી વીતરાગ પરમાત્માને વિષે ભક્તિ, સમસ્ત પ્રાણીવર્ગ પ્રતિ કરુણા-દીન-અનાથ વિગેરેને છૂટે હાથે દાન દેવું, ઉત્તમ ધર્મદેશનાનું શ્રદ્ધાપૂર્વક અહોનિશ શ્રવણ કરવું, આરંભ-સમારંભોથી તેમજ મન, વચન અને કાયાના અશુભ યોગોથી લાગતાં પાપોના ત્યાગની જ ઇચ્છા, સંસારનો અત્યંત ભય, મુક્તિમાર્ગમાં પ્રીતિ, નિર્ગ્રંથ મહાત્માઓનો સંગ, અને વિષયવાસનાઓથી વિમુખતા વિગેરે પ્રકારે આ ગૃહસ્થોનો ધર્મ છે."

સમ્યગ્દૃષ્ટિ આત્માને પણ સંસારમાં સાંસારિક આવશ્યક એવા પૌદ્ગલિક પદાર્થોની ઇષ્ટતા તો બેઠી જ હોય છે; અને એ ઇષ્ટતા ક્વચિત્ આકંઠ પણ હોય ત્યારે એ આશંસિકધર્મ-"અમુક પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ માટે જ ધર્માનુષ્ઠાન સેવન" પણ કરી નાખે એ બને, તો પણ તેમાં ભરત મહારાજાદિવત્ એ સમ્યક્ત્વ ગુણરૂપ આત્મધર્મને તો બાધા પહોંચાડતો જ નથી; કારણ કે ભોગને મેળવતો તેમજ ભોગવતો સતો પણ એ ઝેરને તો ઝેર જ જાણતો હોય છે! એ જ પરમ હેતુથી તો પરને સુસમૃદ્ધિમાન દેખીને પણ એને આમર્ષ આવતો નથી, પણ શાલિભદ્રની દૈવી રિદ્ધિ દેખીને શ્રેણિક મહારાજાની માફક સુપ્રસન્ન થાય છે. એ ભાગ્યવાનનાં વિશિષ્ટ પુણ્યનું અનુમોદન કરે છે; એટલું જ નહિં પણ પૌદ્ગલિક પદાર્થોને તો એ નિઃસાર પ્રાયઃ સમજતો હોવાથી પ્રાપ્ત સમૃદ્ધિ પ્રતિ પણ એ ઉદાસીનભાવને જ ભજે છે! ભોગોને પણ ભોગાવલી-મોહનીય કર્મના ઉદયે જ એને ભોગવવા પડતા હોવાથી એના ભોગવટામાં ખિન્ન ખિન્ન હોય છે. દેહને પ્રતિકૂળ છતાં આત્માને અનુકૂળ પદાર્થોને એ પ્રથમ સ્થાન આપે છે! એમ વર્તવામાં પણ દેહના ભોગે ય આત્મગુણને હાનિ ન પહોંચવા દેવાનો એનો દૃઢ શુભાશય હોય છે. કહ્યું છે કે—

**यज्जीवस्योपकारि स्यात्तद्देहस्यापकारकृत् ।**
**यच्छरीरोपकारी स्यात्तज्जीवस्यापकारकृत्॥ ३९ ॥**

**અર્થ**:—"જે પદાર્થો આત્માને ઉપકારી હોય છે તે દેહને અપકાર કરનારા છે અને દેહને પુષ્ટ પદાર્થો આત્માનો અપકાર કરનારા છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એથી પણ એને પૂર્વપુણ્યોદયે પ્રાપ્ત અપૂર્વ સુખો પણ દુઃખરૂપ ભાસે છે. વધીને કહીએ તો સઘળાયે સંસાર એને મન ભયંકર કારાગાર! મહામહોપાધ્યાયજી શ્રીમદ્‌યશોવિજયજી મહારાજ કહે છે કે એ તો 'સુરનર સુખ તે દુઃખ કરી લેખવે.' અને એનું કારણ જણાવતાં પણ કહે છે કે 'વંછે શિવસુખ એક'! એતો એક શિવસુખને જ ઝંખતો હોય છે. આથી એનો સંસાર બધો ય લૂખો! પ્રાપ્તસમૃદ્ધિને પણ આત્મકલ્યાણાર્થે ધર્મમાં જ યોજી દે એ એની મતિ. આ સ્થિતિમાન મહાનુભાવને નૂતન ધનભવનાદિ ન મળે તેની ચિંતા જ ક્યાંથી હોય? નિર્ધનાવસ્થામાં તો ખૂબ નચિંત! એમાં એને શોક નહિં પણ આનંદની છોળ, કારણ કે એ અવસર તો એને મન સુખે ધર્મ કરવાની સુવેળા! લોકથી એનું આખું ય જીવન અલયદું–નીરાળું! એની સમસ્ત ગતિ સામાન્ય જનને અગમ! એ તો સામે પૂરે જ તરે! અર્થાત્ લોકને મનને ઇષ્ટ સંયોગોની પ્રાપ્તિ માટે ધમાધમ, ત્યારે આ પુણ્યવાન્‌ને મનને અનુકૂળ સંયોગો ફેંકી જ દેવાની ધમાધમ! લોકને કંચન, કામની, કાયા અને કુટુંબથી પુષ્ટ બનવાની જ અહોનિશ તમન્ના ત્યારે આ પુણ્યવાન્‌ને એ દરેકને અળગો કરવાની જ અહોનિશ તમન્ના. લોકને એ દરેકમાંના એકપણના અંશ વિરહમાં ય પારાવાર ખેદ, જ્યારે આ ભાગ્યવાનને એ દરેકના જ વિરહમાં અપૂર્વ આનંદ! લોકને મૃત્યુનો ભય, જ્યારે આ ભાગ્યવાનને જન્મનો ભય? કિંબહુના? લોક પાપરુચી, જ્યારે આ મહાનુભાવ ધર્મરૂચી!

કંચન–કામની અને કાયાદિનાં પોષણ ભવવૃદ્ધિનાં હેતુ હોવાથી એ સમસ્ત એને કારમાં લાગે એવો ભવનિર્વેદ થવાને પરિણામે ભવમાં એને ક્યાંઈ ચેન જ ન પડે! ભવનિર્વેદીની સ્થિતિ વર્ણવતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા પોતાના યોગશાસ્ત્ર નામના પ્રૌઢ ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે—

**सम्यग्दर्शनी हि दुःखदौर्गत्यगहने भवकारागारे कर्मदण्डपाशिकैस्तथा तथा कदर्थ्यमानः प्रतिकर्तुमक्षमो ममत्वरहितश्च दुःखेन निर्विण्णो भवति॥**

**અર્થ:**—"સમ્યક્‌ત્વવાન્ મહાત્મા ખરેખર, દુઃખ અને દારિદ્રથી ભયંકર એવા સંસારરૂપ કારાગારમાં કર્મરૂપી ફાંસીખોરોવડે વિવિધ કદર્થના પામતો સતો તેનો પ્રતિકાર કરવાને અસમર્થ અને દરેક પદાર્થોમાં મમત્વ રહિત એવો એ સ્થિતિમાં સંસારમાં દુઃખે કરીને ભવવિરક્ત રહે છે."

એથી એમ નથી સમજવાનું કે સમ્યગ્‌દર્શની તો દુઃખી જ હોય છે અર્થાત્ સમ્યગ્‌દર્શન્ પ્રાપ્ત કરવું તે દુઃખને નોતરવા જેવું છે. એવું માનવાની ભૂલ ન કરવી; કારણ કે સાચું અને આવ્યું કદી ન જાય એવું અપૂર્વ અને અનંતસુખ-મોક્ષ પામવાની સમ્યગ્‌દર્શન એ તો અપૂર્વ કુંચી છે. અને એથી જ સમ્યગ્‌દૃષ્ટિને સંસારમાં ઉદ્વિગ્નતા એ તો એને આનંદનો અવધિ! એ ઉદ્વેગ જેમ જેમ ગાઢો તેમ તેમ એનો સંસાર ટાઢો! એથી પ્રતિદીન એ ઉદ્વેગ ગાઢો બનાવવાની જ એને તાલાવેલી! એને મન નિર્વેદ–ખેદ તો એ છે કે જે સ્થાન(સંસાર)માં ઘડીભર પણ થોભવું ઉચિત નથી, તે સ્થાનમાં કર્મરાજાને આધીન પડીને તેને રહેવું પડે છે, તેથી ક્યારે એ કર્મરાજાનું જોર ઢીલું પડે અને ક્યારે એના પાપ સકંજામાંથી છટકું, એવી જ એની અગમચેતી! (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કનૈયાલાલ જગજીવન રાવળ બી. એ.

# મનની પિછાન.

**પ્રા**ણી માત્રમાં ફક્ત મનુષ્યોને જ બુદ્ધિ જીવનબક્ષીસ તરીકે મળી છે. જીવનમાં બુદ્ધિને યોજીને ચાલનાર એક માનવ જ છે. મનુષ્યે આમ મનનો ઉપયોગ અનેક રીતે કર્યો છે. આ મનનો ઉત્તરોત્તર વિકાસ–બુદ્ધિની સવિશેષ ખિલવણી એ જ મનુષ્યના સંસ્કારની પારાશીશી.

આજે મનુષ્યનાં મન અને બુદ્ધિએ વિરાટ અને અકલ્પ્ય યંત્રો ઉત્પન્ન કર્યાં છે અને એ યંત્રોને, અજબ રીતે અંકુશિત કર્યાં છે;–જો કે તે સાથે તે યંત્રોનો ગુલામ પણ બની ચૂકયો છે. મોટીમોટી નદીઓની લંબાઈ તેણે માપી, તે નદીઓ પર પૂલો બાંધ્યા. તેના પ્રવાહને રોકવા આડા પાળા બાંધ્યા ને તેમાંથી વિદ્યુત્ ઉત્પન્ન કરી તેણે વિમાનો અને ઝેપલીનો બનાવ્યાં અને વાયુયાન ઉપર ધાર્યો કાબૂ મેળવ્યો. તેણે સ્થળ અને કાળને પળવારમાં માપી લીધા; સ્થળ કાળના અંતર આજે તો નામના જ રહ્યાં છે ને! માનવ મન એરોપ્લેનથી એક જ ઉડ્ડયને આખી પૃથ્વીનું પરિભ્રમણ કરવાની ઉમેદ ધરાવી રહ્યું છે; ચંદ્રલોકમાં પહોંચવાની આશા રાખે છે. મંગળના ગૃહ સાથે સંદેશા ચલાવવા તત્પર થયું છે. માનવમને ઊંચામાં ઊંચા પહાડોની ઊંચાઈ માપી જોઈ; પહાડોમાં બોગદા ખોદી સામે પાર નીકળતાં પણ તેને મૂંઝવણ નથી થતી. આજે માનવમને આકાશનું ઊંડાણ પારખી લીધું છે; ગૃહોગૃહો વચ્ચેના અંતરથી તે અજ્ઞાત નથી. ગૃહોની ગતિ અને તેની ઉપરની વસ્તુસ્થિતિથી તે અજાણ નથી. તેણે સમુદ્રોના ઊંડાણનો તાગ કાઢ્યો છે અને ભયંકર તોફાનોમાં પણ ટક્કર ઝીલે એવા અડગ અને અજીત જહાજો સાગરને હૈયે વહેતાં મૂકયા છે. તેણે ગાઢ જંગલો પણ ભેદી તેમાં રસ્તો કર્યો છે. પણ ...પણ તેણે નથી માપ્યું, નથી જાણ્યું, નથી પારખ્યું તેનું પોતાનું નાનું એવું મન માનવમને આ બધાં સાહસો કર્યાં છતાં તેનું ઉત્પાદક મન કળી શકાતું નથી. આટલો શક્તિશાળી, બુદ્ધિશાળી, હિંમતવાન માનવ પોતાનું નાનું મન પિછાણી શકતો નથી. તેના મનની ક્રિયા એવી અગમ્ય બની જાય છે કે તેને કંઈ સૂઝ પડતી નથી. તેનું મન હાથમાં રહેતું નથી; તેનું મન કહ્યું કરતું નથી. તેનું મન વિફરી બેસે છે.

ખરેખર મન એ એક અણઉકલ્યો કોયડો છે. પુરાતન કાળથી–માણસ સમજ્યો ત્યારથી મન શું છે એનું મંથન કરતો આવ્યો છે.

આંતરમુખ ભારતવર્ષે તેની પિછાન પામવા યથાશક્તિ સફળ પ્રયત્નો કર્યો છે. પણ બહિર-મુખ જડવાદી પશ્ચિમને એની શી ગમ પડે?

અલબત્ત, મન એ મોટું તત્ત્વ છે; છતાં આત્મા કરતાં તેની પાયરી નીચી છે. શરીર, મન અને પ્રાણ એક રીતે તો એક બીજાં સાથે અરસપરસ સંકળાયેલાં છે. પોતાના પિંડના જૂદા જૂદા ભાગોને છૂટાં પાડતા માણસ શીખ્યો નથી, કારણ કે સામાન્ય રીતે પોતાના આખા અંતઃકરણના સર્વ ભાગોને 'મન'નું નામ આપી તેમનો ચોખ્ખો ખિચડો કરી એકસામટાં એક જ પોટલાંમાં માનવ તેમને બાંધે છે. તે પોતાની જાતને સ્પષ્ટપણે ઓળખી શકતો નથી.

માનવ પ્રકૃતિના જે ભાગનો સંબંધ ખાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને બુદ્ધિ જોડે હોય છે તેને માટે 'મન' શબ્દ વપરાય છે. એટલે માનવ–માનસનાં જે ભાગમાં ગ્રહણશક્તિ, વિચાર શક્તિ, મનોમય જ્ઞાન, બાહ્ય પદાર્થો પ્રત્યે માનસિક ચેતનાનું પ્રતિકાર્ય, મનના ઘડતરો, માનસિક દૃષ્ટિ, માનસિક તપઃશક્તિ વગેરે માટે એ શબ્દ વપરાશમાં લેવાયો છે.

યોગસાધક કહે છે કે પ્રાણ અને મન એ બન્ને તત્ત્વો ચેતનાની સપાટી ઉપર સેળભેળ થઈ ગયા છે, છતાં દરેક તત્ત્વ જુદું જ હોય છે. સપાટી ઉપરની ચેતનાની પાછળ રહેલી સાચી ચેતનામાં પ્રવેશ કરતાંવેંત જ માનવને એ બે તત્ત્વો ભિન્ન છે એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

મન એ ક્રિયાશીલ છે; તે કોઈપણ બીનઉપયોગી કામ કરતું નથી એમ કહેવાય છે. તો સ્વપ્ન પણ મનની જ ક્રિયા છે એમ માનવું જોઈએ. જો એમ હોય તો સ્વપ્નોનો કંઈક અર્થ છે એ વાત પણ કબૂલ કરવી જોઇએ. સ્વપ્ન એ અજ્ઞાત મનમાં ચાલી રહેલી પ્રવૃત્તિ છે. જો આ અજ્ઞાત મનમાં ચાલી રહેલી મુંઝવતી પ્રવૃત્તિઓથી માણસ જાગ્રત થાય તો માનસિક બોજો ઘણો ઓછો થાય. માનસપૃથક્કરણ એટલે બીજું કશું નહિ પણ જ્ઞાત અજ્ઞાત મન વચ્ચેના અભેદ્ય પટને સાંધી પ્રકાશનું કિરણ લઈ જવું તે.

માનવ આત્મા અજય છે; અને મન એ એક સ્વયંરચિત પુદ્‌ગળ જ છે. સુખ અને દુઃખ બહારથી નહિ પણ અંદરથી ઉત્પન્ન થતાં અને મનાતાં હોઇ માનવકર્મનાં જ ફળ છે એમ વિચારકો કહે છે. દરેક કવિ કે તત્ત્વજ્ઞાની એક સરખો જ વિચાર વ્યક્ત કરે છે કે માનવ મન એવું છે કે સંયોગોની ઉપરવટ જઈ તે આનંદ અને શોક પોતામાંથી મેળવી શકે છે. " પ્રથમ પોતાની જાતને જાણ," એ સૂત્રનો અર્થ પણ એટલો જ કે સુખ એ સ્થળકાળથી સ્વતંત્ર એવી આંતરિક સ્થિતિ છે. પત્થરની દિવાલ કંઇ કેદખાનું નિર્માણ કરતી નથી કે નથી લોખંડના સળીયા પાંજરું ઉપજાવતા એ બધું ઉપજાવનાર છે એક મન. એટલા માટે કહ્યું છે કે મન ચંગા તો કથરોટમાં ગંગા **मन एव मनुष्याणाम् कारणं बंधमोक्षयोः** મનુષ્યના બંધનના કે મોક્ષના કારણરૂપ છે એકલું માણસનું મન જ મન " એ પ્રત્યેક સ્થિતિનો સર્જક છે અને માણસને લાગે છે કે પોતે કેવો છે ? અંગ્રેજીમાં પણ આના જેવું જ કંઈક કહેલું છે કે સ્વર્ગને નર્ક બનાવનાર અને નર્કને સ્વર્ગ બનાવનાર કેવળ મન જ છે.

ગમે તેવા કપરા સંયોગોમાં પણ માણસ આંતરિક–આનંદ શાંતિ જાળવી શકે અને પોતાને સંતોષી રાખી શકે તો તેને મન સ્વર્ગથી પણ અધિકું સુખ મળે છે.

એક મહાકવિ કહે છે કે સારું નરસું એવું કંઈ છે નહિ, પરંતુ એ બધું વિચારવાથી જ થાય છે. મનથી માણસ જો સારું માને અને રહે તો સૌ સારું જ નીવડે છે, અને નરસું માની કકળાટ ને રોદણાં રૂવે તો સદાય તેને મન કલેશ જ રહે છે. એ બધાં મનના કારણ છે. શંકા લાવવાથી કામ કેટલું બગડે છે તેનું એક દૃષ્ટાંતઃ

એક માણસ એક વાર શાંતિ મેળવવા જંગલમાં ફરવા ગયો. સાંજ પડવા આવી હતી. તે એક ઝાડ નીચે ઊભો હતો. થાક લાગવાથી તેણે વિચાર્યું કે અહીં કયાંક સારું બેસવાનું મળે તો ઠીક. તે ઝાડ કલ્પવૃક્ષનું હતું, તેથી તરત એક સુન્દર બેઠક હાજર થઇ. માણસને ખબર પડી કે આ ઝાડ કલ્પવૃક્ષ જ છે. પછી તેણે ખાવા–પીવાનું માગ્યું ને હાજર થયું. બીછાનું માગ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તરત બીછાનું આવ્યું. તેને લાગ્યું કે શહેરમાં જઈ નિરર્થક ગદ્ધામજૂરી શું કામ કરવી ? અહીં બધું જ હાજર વગરમહેનતે મળે છે તો રહેવા દોને અહીં જંગલમાં જ રાત પડવા આવી અંધારું થયું. બીછાનામાં સૂતાં સૂતાં વિચાર આવ્યો કે રખેને વાઘ આવે તો ત્યાં તો વાઘભાઇ હાજર. !. !....

આમ મનની વૃત્તિ કયે વખતે શું શું કરી નાખે તેની શી ખબર ? આટલા વાસ્તે જ મનને કોઈ ઓળખી શકતા નથી.

માણસ પોતાનું મન પારખી શકતો નથી ત્યાં બીજાનું–પારકું મન પારખવાની ધૃષ્ટતા કરે તે કેમ પાલવે ? પોતાને અમુક વૃત્તિઓ કેમ થઇ આવી ? ક્રોધ ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી છતાં અજાણતાં કેમ ક્રોધ થઈ ગયો ? અમુક ન ખાવાનું નીમ લીધું હતું છતાં કેમ ખાઇ લીધું ? અમુક વિચારને મનમાં પેસવા ન દેવાનો નિશ્ચય કર્યો હતો છતાં તે જ વખતે તે વિચાર આવ્યો શા માટે ? આ બધું સમજી શકાતું નથી.

આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓનો અખતરો આ દિશામાં થયો છે, પણ તેઓ કંઈ નિકાલ લાવી શકયા નથી. તેઓ પણ મુંઝાયા છે; મનની ક્રિયા–પ્રક્રિયા તેમને ભ્રમમાં નાખી દે છે. તેઓ કહે છે કે મન એ બહુ કોમળ છે, તેના પર લાગણીઓનું દબાણ હોય છે; માટે મનને બહુ મારવું નહિ, મુંઝાવા દેવું નહિ; પણ મનને આનંદમાં રાખો; ચિંતા ઉપાધિને તેનાથી બનતી વેગળી રાખો. સુખ એટલે મનની ઊર્મિંએ ઊર્મિંનું નૃત્ય.

પણ બીજો એક લેખક ઊલટું જ કહે છે.

**जानामि धर्मम् न च मे प्रवृत्तिः ।**
**जानाम्यधर्मम् न च मे निवृत्तिः ।**

હું ધર્મ શું છે તે જાણું છું છતાં તેમાં પ્રવૃત્ત થઈ શકતો નથી; હું અધર્મ શું છે તે જાણું છું છતાં તેમાંથી નિવૃત્ત થઈ શકતો નથી.

મનની ગતિ જ ન્યારી છે.

મન રોકી શકાતું નથી; ચિત્તનો નિરોધ થઇ શકતો નથી. જે વખતે જે થવું જોઇએ તે તે વખતે મનથી થઈ શકતું નથી. મનુષ્ય નાનો હોય તેમ તેનું મન મોટું હોય છે, પણ મનુષ્ય જેમ જેમ મોટો થાય છે તેમ તેનું મન નાનું થાય છે.

ત્યારે મનને કંઇ મર્યાદા ખરી ?

જવાબ હામાં જ આવે છે. મનુષ્યનું મન મર્યાદિત છે.

પૂર્વ મીમાંસા–દર્શનના પ્રણેતા જૈમિની અને જર્મન તત્ત્વચિંતક કેન્ટની વિચારસરણીમાં સામ્ય છે. તેઓ બંને કબૂલ કરે છે કે અધ્યાત્મવાદને સ્પર્શતા પ્રશ્નોનો નિચોડ લાવવા માટે માનવ મન બહુ જ સંકુચિત છે, તેનું કારણ એ છે કે મનુષ્યની બુદ્ધિ ઇચ્છાશક્તિઓથી પરિમિત થયેલી છે. તેથી બુદ્ધિ સત્યના વિજ્ઞાનનું નિર્માણ કરી શકતી નથી. તેથી સત્ય જ્ઞાનનો રસ્તો પ્રમાણ શાસ્ત્રની આંટીઘૂંટીમાંથી ઉપલબ્ધ થઇ શકવાનો નથી, પરંતુ તેની રીત એ કે આપણે આપણા દરરોજના આચાર-વિચારને સુધારવા જોઈએ અને શુદ્ધ કરવા જોઇએ; તો જ તે વસ્તુ શકય બને તેમ છે. બુદ્ધિને તેની અમર્યાદિત દોટમાંથી અટકાવવાની જરૂર છે

બુદ્ધિ વકીલ બની જાય છે અને એકી સાથે વ્યાઘાતમક વસ્તુઓ સાબિત કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે. આમ બુદ્ધિનું ઉડ્ડયન અજ્ઞેયવાદમાં પરિણમે છે. બુદ્ધિના પ્રમાણોની જરૂર આપણે નથી પણ આંતરદૃષ્ટિની છે; ને સારાસાર વસ્તુના વિવેકની જરૂર છે. સાચો ચિંતક જેની બુદ્ધિ ખૂબ બળવાન છે તે નથી પણ જે સંયમી છે, ધીરજવાન છે, શાંત છે તે છે.

આજના બુદ્ધિવાદીઓ–બુદ્ધિજીવીઓ તો બુદ્ધિની ફૂટપટીથી જ જીવન માપે છે. તેઓ કહે છે કે બુદ્ધિ કહે તે સાચું, તેટલું જ સાચું. મનનાં ચોકઠામાં સમાય તેટલું ખરું. મનનાં ગજથી મપાય તેટલું બરોબર છે. બુદ્ધિના ત્રાજવે તોલીને જ તેઓ વિચાર કરે છે. બુદ્ધિ એ જ તેમનો ઇષ્ટદેવ બની જાય છે. તેઓ બુદ્ધિને એટલું બધું આધિપત્ય આપી દે છે કે આત્મા ને તેઓ સ્વીકારતા નથી. પણ પરમ સત્ય અને અનંત-આત્માને માપવા માટે મર્યાદિત બુદ્ધિનો ગજ હંમેશા ટૂંકો જ પડે છે, એ ખોટું નથી. મન અને બુદ્ધિ એ તર્કવાદનું પરિણામ છે. તર્કની પદ્ધતિ ગમે તે દિશામાં લઈ જાય છે; માણસ પશુ છે એમ પણ સાબિત કરી શકે છે ને પશુ દેવ છે એમ પણ સાબિત કરી શકે છે. આવી અનિશ્ચિત વિચારસરણી વિમાર્ગે ઘસડી જનારી ને જોખમકારક છે, માટે તેનો ઉપયોગ ઓછો થવો ઘટે. જુઓને, અત્યારે બુદ્ધિના ભૂતો અને રાક્ષસો સુમાર-વગરના છે. એકલી બુદ્ધિ તો વિનાશક ડાઇનેમાઈટ જ ઉત્પન્ન કરી શકે છે.

છતાં કબૂલ કરવું જોઇએ કે મનને છેક હલકી કોટી ઉપર મૂકી શકાય નહિ. તેને તેનું કાર્ય સોંપાયેલું જ છે. અને તેથી તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનની સમાજને ખૂબ જરૂર છે. મનની સ્વચ્છતા, પવિત્રતા, ન્યાયપ્રિયતા ઉપર આપણા જીવનનો આધાર છે. સ્પષ્ટ વિચાર કરવાની શક્તિ તો ફક્ત તંદુરસ્ત મનથી જ કેળવાઈ શકે છે.

મન કોઇનો પક્ષકાર ન થાય, કોઈ વાદના ફાંસલામાં ફસાઇ ન જાય અને આંધળુકીયા કરી ગમે ત્યાં અંધારામાં ઝંપલાવે નહિ, પણ પૂર્ણપણે વિચાર કરી પોતાનો માર્ગ આંકે અને પ્રશ્નોનો નિકાલ લાવે એવું મન કેળવવાની આવશ્યકતા છે.

મનથી વિચારે કંઈ એક, બોલે બીજું અને કરે ત્રીજું: આવું થાય એ ઓછું અઘટિત અને શરમજનક નથી. મનોબળની જરૂર પ્રથમ છે. અને મનને બાહ્ય કલુષિત વાતાવરણથી અલિપ્ત રાખી તેની વિશુદ્ધિની માવજત કરવી એ દરેક માનવનો ધર્મ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ-રા. ચોકસી.

# શાન્તરસની સર્વોત્કૃષ્ટતા.

મુમુક્ષુ આત્મા દર સ્તવને આગે કદમ ભરતો, અને અધ્યાત્મ વિષયના પ્રખર નિષ્ણાત યોગીરાજ આનંદઘનજીના મુખે નવનવી વાતો શ્રવણ કરતો આજે સોળમા તીર્થપતિના સ્તવનમાં-ગુણકીર્તનમાં તત્પરતા યાને એકાગ્રતા દાખવી ખડો થયો છે. સોળમા જિનનું નામ શાન્તિનાથ. અને શાન્તિનાથ એટલે શાન્તિ પાથરવાનો જેમનો ખાસ ધર્મ છે એવા ભગવાન. એ પ્રભુનું જીવન-તીર્થપતિ ભવનું અને પૂર્વભવનું-આકંઠ પરોપકારવૃત્તિથી ભરેલું-સહનશીલતા અને સમતાથી તરબોળ-કરુણા ભાવનાથી રસઝરતું-છે. પારેવાના જીવનસંરક્ષણ નિમિત્તે જેમણે સ્વદેહને હોમવાની તત્પરતા દાખવેલી, જેમના જન્મકાળે પ્રવર્તી રહેલી દારુણ મરકી કિંવા ભયંકર પીડા જોતજોતામાં વિલીન થઈ ગઈ અને સર્વત્ર શાંતિના પૂર પથરાયેલા એ મહાસાર્થવાહના સંસ્મરણ તો આજે પણ આવશ્યક ક્રિયામાં કરાય છે. પખ્ખી, ચોમાસી કે સંવત્સરી જેવા મોટા પ્રતિક્રમણોમાં તો આ પુણ્યશ્લોક ભગવાનનું રટણ એક કરતાં વધુ વાર કરાય છે. પ્રવર્તી રહેલ અશાંતિ કે દુઃખ યા શોક-પછી તે ગૃહ, કુટુંબ કે સમાજ પૂરતો હોય કિંવા શહેર કે દેશને લગતો હોય એના નિવારણ અર્થે શાંતિસ્નાત્ર કે બૃહતસ્નાત્રના આરંભથી કોણ અજાણ્યું છે? ઉદ્યાપન કે પ્રતિષ્ઠા જેવા મહત્ પ્રસંગે ઉપરોક્ત સ્નાત્રમાંનાં એકની આવશ્યકતા ખરી જ. એ સર્વમાં જે શાંતિનાથનું નામ જોડાયેલું છે તેમની જ આજે મુમુક્ષુ આત્માને ભેટ થઈ છે. યોગીરાજ પણ આજે અધ્યાત્મના પથિકને અજાયબી ભરેલ રસનું પાન કરાવવા આતુર બન્યા છે. જાણે પંદર જિનના સ્તવનરૂપે કરવામાં આવેલ 'સ્વ અને પર'ના સ્વરૂપદર્શનનો આજે નિચોડ ન કહાડતાં હોય? અરે! એમાં સમાયેલ અદ્ભુત કરામતનો સાક્ષાત્કાર ન કરાવતાં હોય તેમ શ્રી શાંતિનાથ પ્રભુના મુખે સૌ રસોમાં શ્રેષ્ઠ એવા શાંતરસનું સ્વરૂપ પ્રતિપાદન કરાવે છે. પ્રશ્નોત્તરરૂપે સ્તવન શરૂ થાય છે.

જિજ્ઞાસુ યાને મુમુક્ષુ આત્મા પ્રશ્ન કરે છે કે-

એ ત્રણ ભુવનના નાથ એવા શ્રી શાન્તિનાથ પ્રભુ! મારી એક વિનંતિ શ્રવણ કરો અને મને શાંતરસનું રહસ્ય પૂર્ણપણે સમજાય એવી રીતે તેનું સ્વરૂપ દર્શાવો.

ઉત્તરમાં શ્રી શાન્તિનાથ પ્રભુ જે પ્રથમ વાક્ય ઉચ્ચારે છે તે એ છે કે—

'ધન્ય તું આતમ જેહને,
એહવો પ્રશ્ન અવકાશ રે.'

અર્થાત્ શાંતરસ શું વસ્તુ છે? એ જાણવાની તને ઉલટ થઈ એટલા માટે હે આત્મા! તને ધન્યવાદ ઘટે છે, કેમકે મુમુક્ષુ કે સુલભબોધી જીવ હોય તેને જ એવી ઉલટ થાય છે. અભવી કે દુર્ભવીને શૃંગાર, હાસ્ય કે બીભત્સરસમાંથી ઊંચી નજર કરી, શાંતરસ કઇ ચીડીયાનું નામ છે એ જ્યાં જોવાની પુરસદ નથી હોતી ત્યાં સમજવાની તે શી વાત? તેથી કેટલાક તો શાંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસનો રસગણનામાંથી કક્કો જ કહાડી નાંખે છે! એ રસ લેખાય જ નહીં એમ લવે છે! સાંભળ, શાંતરસની પિછાન માટે નીચેના ત્રણ પદ બરાબર હ્રદયમાં ઉતારી લેવાની અગત્ય છે–

પ્રથમ પદમાં–ભ્રાંતિ કે સંશય રહિત વીતરાગની વાણીમાં સચોટ શ્રદ્ધા અર્થાત્ જે જિનપ્રભુએ કહ્યું છે તે સત્ય છે એ માન્યતા.

દ્વિતીય પદમાં–સિદ્ધાંતના સાચા અભ્યાસના જ્ઞાતા એવા ગુરુમહારાજનો સતત પરિચય.

તૃતીય પદમાં–આત્મસ્વરૂપપ્રાપ્તિ સુખે થઇ શકે એમાં કોઈ પ્રકારની આડખીલી ન થાય એવી વિધિનું અનુસરણ અર્થાત્ એ રૂપકરણી.

આ ત્રણ મુદ્દા માટે યોગીરાજ આનંદઘને નિમ્ન કડીઓ આલેખી છે–

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે,
કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્થ સદ્દહે,
પ્રથમ એ શાંતિપદ સેવ રે.

પ્રથમ પદની વ્યાખ્યા એ કડીમાં પૂરી કરી, બીજા પદ માટે એટલે કે ગુરુ કેવા હોય તેના લક્ષણ સુચવતાં વદે છે કે—

આગમધર, ગુરુ સમકિતી,
કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી, અવંચક સદા,
શુચિ અનુભવ આધાર રે.
શુદ્ધ આલંબન આદરે,
તજી અવર જંજાલ રે;
તામસીવૃત્તિ સવિ પરિહરી,
ભજે સાત્વિકી સાલ રે.

ઉપરના લક્ષણોવાળા ગુરુ, કદીપણ ઉત્સૂત્રપ્રરૂપણા કરતા નથી, એટલે કે એમના વચનમાં પરસ્પર વિરોધ આવતો નથી. દરેક વસ્તુના અર્થ અરસ–પરસ સંબંધવાળા કરે છે અને જેમની વાણીમાં નૈગમ–સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતરૂપ જે સાત નયો ભગવંતે દર્શાવ્યા છે તે સમાયેલા હોય છે. એવા શાંતરસના ભરેલા ગુરુ તે શિવસુંદરીનો મેળાપ કરાવવામાં કારણરૂપ નિવડે છે.

ત્રીજા પદના આરંભમાં નિમ્ન કડીથી પ્રારંભ થાય છે—

વિધિ પ્રતિષેધ કરી આતમા,
પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો,
ઈસ્યો આગમે બોધ રે.

એનો આશય એ છે કે ઉપર પ્રમાણે સાધુના સંપર્કથી મુમુક્ષુ આત્મા વિધિ અને નિષેધનો યથાયોગ્ય વિવેક કરે છે—

જે કરણીદ્વારા આત્મસ્વરૂપ સુખે ગ્રહણ થાય તેનું નામ વિધિ. જે બાબતો ઉપરોક્ત આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં વિઘ્નકારક હોય તે ન ગ્રહણ કરવારૂપ કાર્ય એનું નામ પ્રતિષેધ. આ પ્રકારના વિવેકથી વાસિત આત્મા, ક્ષુદ્ર અંતઃકરણવાળા, મમત્વધારી, હઠાગ્રહી અગર તો જેમના વચનથી શ્રદ્ધા ભ્રષ્ટ થાય તેવા મનુષ્યોની સંગતનો ત્યાગ કરે અને જ્ઞાન, દર્શન તેમજ ચારિત્રરૂપ ગુણત્રિપુટીને ધારણ કરનારા સદ્ગુરુનો સમાગમ વધારે, વિશેષમાં મન, વચન અને કાયાના યોગો પર કાબૂ જમાવવામાં ફતેહમંદ થાય તો મુક્તિ નિશ્ચયપણે પ્રાપ્ત થાય કેમ કે ચિત્તવૃત્તિનો નિરોધ તે જ કર્મક્ષયનું મૂળ કારણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે આત્મા ઉપરોક્ત માર્ગે પ્રગતિ કરતો આત્મસ્વભાવમાં વર્તે છે ત્યારે એના ચિત્તની દશા કેવા પ્રકારની સમભાવના ધારણ કરે છે તે નિમ્ન કડીયુગલમાં બતાવેલ છે.

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે
ઈસ્યો હોય તું જાણ રે.
સર્વ જગ-જંતુને સમ ગણે,
સમ ગણે તૃણમણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે,
મુણે ભવજળનિધિ નાવ રે.

આવો સમભાવ જે આત્માના મનો-પ્રદેશને વિષે સતત રમતો હોય છે તે આત્માને એક જ અંતરનાદ સંભળાય છે અને તે એ જ કે—

મારો આત્મા જ્ઞાનદર્શન સ્વભાવવંત છેઃ એ એક અદ્વિતીય સ્વરૂપમયી ચેતનાનો આશ્રય કરી રહ્યો છે. એ ચેતના વિના બીજા સર્વ પુદ્‌ગલ સંબંધ, શરીર, પુન્ય, પાપાદિ સંયોગ-જન્ય છે. એ સૂચક નિમ્ન ગાથા મનન કરવા યોગ્ય છે.

**આપણો આતમભાવ જે એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિ-
કર સાર રે.**

શાંતરસના સાર સમાન, જૈનદર્શનના હાર્દ સમાન અને આત્મસાક્ષાત્કારમાં અનન્ય અવલંબન સમાન—શ્રીશાંતિનાથ પ્રભુના મુખેથી ઉપરનું બ્યાન શ્રવણ કરી અધ્યાત્મરસિક જીવડો હર્ષાન્વિત થઇ એટલી હદે થનગની ઊઠે છે કે એના મુખેથી નિમ્ન વાકયો સહસા બહિરગત્ થાય છે—

**અહો અહો હું મુજને કહું,
નમો મુજ નમો મુજ રે;
અમિત ફળદાન દાતારની,
જેહની ભેટ દઇ તુજ રે.**

જે ચીજની પ્રાપ્તિ સારુ અત્યાર સુધી અહોંપહોં થઈ ચોતરફ વલખા મારી રહ્યો હતો એ તો પોતાના હૃદયની ગુહામાં પડી છે. એના પર લાગેલા આવરણો અત્યાર સુધી સાચી ઝાંખી થવા નહોતા દેતાં તે શ્રી શાંતિનાથના ઉપદેશરૂપી વારિથી ધોવાઇ જતાં—સાચું દર્શન સહજ લાધ્યું. એટલે જ આત્મા પોતે પોતાને નમસ્કાર કરવામાં તદ્રૂપ બન્યો.

શ્રી શાંતિનાથ પ્રભુએ શાંતરસનું જે સ્વરૂપ દર્શાવ્યું છે અને જેના શ્રવણથી અધ્યાત્મી જીવડાને કોઇ નૂતન પ્રકાશનો અનુભવ પ્રાપ્ત થયો છે, એ કાયમી કરવો હોય તો મનની એકાગ્રતા કાયમ કરી, અભ્યાસ ચાલુ રાખવાની જરૂર છે. **ધરી શુદ્ધ પ્રણિધાન રે** એ પંદરમી કડીનું પદ જરા પણ લક્ષ બહાર થવા ન દેવું જોઇએ. જેનું લક્ષ્ય એ પદ પર લાગેલું છે તેને **'આનંદઘનપદ'** સામે જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સમ્યગ્જ્ઞાનની કુંચી—

# પરમાત્માનું અધિરાજ્ય.*

( અનુવાદ )

( ગતાંક પૃષ્ઠ ૧૦૭ થી શરૂ )

**પરમાત્માનાં** અધિરાજ્ય અને આજની કહેવાતી સંસ્કૃતિમાં જમીન આસમાન જેટલો તફાવત છે. આજની સંસ્કૃતિ છેક અધર્મ અને સ્વાર્થમય છે. તેનાં સ્વાર્થી અને ભાડુતી તત્ત્વોથી દુનિયામાં દુઃખ અને પારતંત્ર્યમાં ઓર વધારો થયો છે. તમામ પ્રકારનાં નૈતિક બંધનોનો સર્વથા વિચ્છેદ થયો છે. અનેક પ્રકારના દંભથી દુનિયાની ભયંકરમાં ભયંકર દુર્દશા થઇ છે. આજના ધર્મગુરુઓ પણ જગત્નાં ઘોર અધઃપતનમાં કારણભૂત થયા છે. ધર્મગુરુઓનાં અજ્ઞાન અને અસત્યને કારણે, જનતાનું અધઃપતન વૃદ્ધિગત થાય છે. કુગુરુઓની વિશેષતાને લઇને જગતનો ઘોર અધઃપાત થઇ રહ્યો છે.

સત્ય જ્ઞાનનો નાશ થવાથી જ જગત્ની ઘોર દુર્દશા થઇ છે એમ કહીએ તો ચાલે. સત્ય જ્ઞાનરૂપ મહાશક્તિના વિનાશથી જગત્ ઉન્માર્ગે વળ્યું છે. સત્ય જ્ઞાનના સાર્વત્રિક અભાવને કારણે જ જનતાની સ્થિતિ કેવળ ભ્રમ–ભ્રાન્તિમય બની ગઇ છે. નિરાધાર જેવી સ્થિતિમાં સર્વત્ર દંભનું જ સામ્રાજ્ય થયું છે.

કુદરતના સર્વ નિયમો સદાકાળ અવિચળ છે. એ દિવ્ય નિયમોનું યથાર્થ પાલન કર્યા વિના જીવનનાં કોઇ પણ ક્ષેત્રમાં વાસ્તવિક પ્રગતિ કોઇ કાળે પણ શક્ય નથી. કુદરતનાં નિયમોનાં પાલનથી મહારાજ્યોનું નિર્માણ થાય છે. એ નિયમોનો ભંગ થતાં મહારાજ્યોનો કચ્ચરઘાણ વળે છે. ગમે તેવાં મહારાજ્યનું નામનિશાન પણ નથી રહેતું. ભ્રાતૃભાવ અને પ્રેમથી જ દરેક મહારાજ્યની પ્રગતિ થાય છે. તિરસ્કાર અને વિદ્વેષવૃત્તિથી કોઇ પણ મહારાજ્યનો સર્વથા લય જ થાય છે. કોઇ મનુષ્ય, કુટુંબ, સમાજ, નગર, રાષ્ટ્ર આદિના સંબંધમાં પણ આમ જ સમજવું. તાત્પર્ય એ કે, ભ્રાતૃભાવ એ સર્વની ઉન્નતિનું પ્રધાન કારણ છે. વિદ્વેષવૃત્તિ પ્રાણીમાત્રની દુર્દશામાં મુખ્ય કારણરૂપ છે.

ભ્રાતૃભાવથી ગુણાનુરાગ વૃત્તિ આવે છે,* સ્વાર્થવૃત્તિનો વિચ્છેદ થાય છે. ભ્રાતૃભાવને અભાવે અનીતિ, દંભ અને કલહ–વૃત્તિનો ઉદ્ભવ થયા કરે છે. ભ્રાતૃભાવ વિના સર્વ વિનાશનાં કારણરૂપ નિર્દયતાની પરિણતિ પણ થાય છે.

ભ્રાતૃભાવ અને સદિચ્છા એ સુરાજ્યનાં પ્રધાન તત્ત્વો છે. રાજારૂપી વૃક્ષનો આધાર પ્રજારૂપ મૂળ ઉપર નિર્ભર રહે છે એમ જગવિખ્યાત કવિ શેખ સાદીએ કહ્યું છે. શુભ ભાવના અને ભ્રાતૃભાવથી રાજા અને રાજ્યની શક્તિ અને ગૌરવ વધે છે. પ્રજાના વાસ્તવિક સંતોષથી, રાજાનાં સુખ સંતોષ કાયમ જ રહે છે.

ભ્રાતૃભાવને તિલાંજલી આપી, કેવલ સ્વાર્થમય વૃત્તિથી કોઇ મનુષ્ય કે કોઇ રાજ્ય વસ્તુતઃ કાયમ સુખી થાય એ સર્વદા અશક્ય જ છે. ભ્રાતૃભાવ વિના મનુષ્ય આદિનો એવો ઘોર વિનિપાત થાય છે કે, વિદ્વેષને પંથે ખૂબ આગળ વધી ગયા બાદ

---

* મૂળ લેખક બાબુ શ્રી ચંપતરાય જૈની, બેરીસ્ટર એટ–લૉ.

* પોતાનો દોષ જોવા અને પારકાના ગુણો જ નીરખવા એ આત્મજ્ઞાનીઓનો ધર્મ છે. મહાપુરુષો આથી ગુણાનુરાગનો પરમબોધ વારંવાર આપે છે. એક ચારિત્ર ભ્રષ્ટ સ્ત્રીને પત્થરથી તાડન કરવા નિમિત્તે તત્પર થયેલા માનવસમૂહને ઈસુએ રોકી, આત્મનિરીક્ષણથી પોતાની ચારિત્રભ્રષ્ટતા આદિ દોષો વિચારપૂર્વક નીરખવાનો અને બીજાઓના ગુણોનું જ નિરીક્ષણ કરી ગુણાનુરાગ–વૃત્તિ કેળવવાનો સદુપદેશ આપ્યો હતો. ગુણાનુરાગની આવશ્યકતા માટે આ પ્રસંગ એક વિરલ દૃષ્ટાન્તરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રાતૃભાવરૂપ સન્માર્ગ ગ્રહણ કરવાનું અત્યંત દુર્ઘટ બને છે. આજના ઘણાખરા રાજનીતિજ્ઞો પ્રાયઃ વિદ્વેષવૃત્તિથી શાસન કરી રહ્યા છે એ સુવિદિત છે. રાજપુરુષોની તેવી કટ્ટર વિદ્વેષવૃત્તિથી જગતનો પ્રત્યક્ષ રીતે ઘોર વિનાશ થઈ જાય છે. જે રાજ્યના રાજનીતિજ્ઞ પોતાનાં રાષ્ટ્રનાં કહેવાતાં માત્ર ગૌરવ માટે આખીયે દુનિયાનું રાજ્ય પ્રાપ્ત કરવાનું ધ્યેય સેવે છે. આ રીતે તેઓ કુદરતના મહાન્ નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરી રહ્યા છે. ભ્રાતૃભાવ અને પ્રેમના સુદૃઢ સંસ્થાપના વિના કોઇ રાજ્યની સ્થિરતા અને ચિરસ્થાયીતા કદાપિ ન સંભવી શકે એ રહસ્યસૂચક ઇતિહાસના મહાન્ બોધપાઠનું આજે પ્રાયઃ વિસ્મરણ થયું છે. ગમે તેવાં પ્રાવિણ્ય અને ગમે તેટલાં શસ્ત્રાસ્ત્રોથી, કોઈ દેશનું શાસન ભ્રાતૃભાવને અભાવે ચિરસ્થાયી બની શકતું નથી. એવાં શાસનના સૂત્રધારોના સમસ્ત દુનિયા ઉપર અધિરાજ્ય પ્રાપ્ત કરવાના મનોરથો સર્વદા નિષ્ફળ નીવડે છે. એ દુષ્ટ મનોરથો આખરે મીટ્ટીમાં જ મળી જાય છે. એ મનોરથો કોઇ પણ પ્રકારનાં પરિણામ વિના સ્વપ્નરૂપે જ રહે છે, એમ ભૂતકાળનો ઇતિહાસ કહે છે.

જગતના શાસનની મહત્ત્વાકાંક્ષાથી, જગતનાં રાષ્ટ્રોમાં અયોગ્ય સ્પર્ધાનો પ્રાદુર્ભાવ થાય છે. પરસ્પર ભય-વૃત્તિનું સર્વત્ર અધિરાજ્ય થાય છે. અભૂતપૂર્વ શસ્ત્રાસ્ત્રોની અનેરી સામગ્રીથી દુનિયાનાં મહાન્ રાજ્યો એકબીજાના વિનાશના મનોરથો સદૈવ સેવે છે. જગત્માંથી શાંતિનો સંપૂર્ણ લોપ થયો છે. કોઇ દેશ આખીયે દુનિયા ઉપર વિજય મેળવે એ સર્વદા અસંભાવ્ય હોવા છતાં, જગત્ શાસનના મનોરથોનો ઉચ્છેદ ન થવાથી જગત્માં અશાન્તિ, અસુખ અને આશંકાનું સર્વત્ર અધિરાજ્ય થયું છે.

બીજાં મોટા રાજ્યોના બળના ભયથી, જે તે રાજ્યને સૈન્ય આદિ નિમિત્તે પ્રતિવર્ષ કરોડોનો વ્યય કરવો પડે છે. કરોડોના કરોના વિષમ ભારથી પ્રજામાં તીવ્ર અસંતોષ વ્યાપે છે. આવું રાજકારણ સત્યતઃ અનિષ્ટતાની પરાકાષ્ઠારૂપ છે, એમ નિઃશંક રીતે કહી શકાય.

દુનિયાનો લગભગ દરેક દેશ શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જિત હોય એ સ્થિતિમાં જગત્માં શાન્તિ ક્યાંથી સંભવી શકે? ચિરસ્થાયી ભયયુક્ત સ્થિતિમાં સુરક્ષિતતા કેવી રીતે શક્ય હોય ? શાન્તિને ભોગે કરોડોનો દુર્વ્યય થાય એ સ્થિતિમાં કોઇ દેશમાં આંતરિક કે બાહ્ય શાન્તિ ક્યાંથી હોય ? જો જગત્નાં રાજકારણમાં પ્રેમ અને ભ્રાતૃભાવને પ્રાધાન્ય હોય તો દુનિયાની સ્થિતિ આવી ઘોર વિપરીત કદાપિ ન બને એ નિઃશંક છે. પ્રેમરૂપ મહાશક્તિથી ભયનો ઉચ્છેદ થાય છે. એ મહાશક્તિથી સર્વનું વિશુદ્ધ ભાવે સંકલન થાય છે. પ્રેમથી સહકાર અને સુસંપનો પ્રાદુર્ભાવ થાય છે. જગત્નાં રાજકારણના સિદ્ધાન્તોમાં પ્રેમને જ વિશિષ્ટ સ્થાન હોય તો જગત્ આખું સુખ અને શાન્તિમય બની જાય. જગત્માં પરસ્પર ભય-વૃત્તિનું નામનિશાન પણ ન રહે. જગત્ના લોકો ભ્રાતૃભાવથી એક બીજા સાથે સદૈવ સંલગ્ન રહે. જગતમાં મૈત્રીભાવનું સર્વત્ર અધિરાજ્ય થાય. પ્રેમથી જગત્ સ્વર્ગમય બને જ. પ્રેમનો આવો અદ્ભુત પ્રભાવ છે.

જ્યાં પ્રેમ હોય ત્યાં અશ્રદ્ધાની પરિણતિ નથી થતી. પ્રેમથી સદિચ્છા અને શ્રદ્ધાનો સમુદ્ભવ અવશ્ય થાય છે. પ્રેમને કારણે, રાજા પોતાની પ્રજા અને રાજ્યનાં રક્ષણ માટે યુદ્ધ પણ કરી શકે છે. આ યુદ્ધ તે નીતિ-યુદ્ધ છે. યુદ્ધમાં સર્વ રીતે નીતિનું જ પાલન થાય છે. આવાં યુદ્ધોમાં તટસ્થ પ્રજાજનોને કોઇ પણ પ્રકારનું દુઃખ આપવામાં નથી આવતું. પુરાતન કાળમાં આવાં નીતિ-યુદ્ધો ઘણા યે થતાં હતાં. એ નીતિ-યુદ્ધોમાં ઉન્મત્ત સ્વરૂપનાં આધુનિક રાજકારણને કશુંયે સ્થાન ન જ હતું. રાજાઓ નીતિ-યુદ્ધો પોતાના કોઇ સ્વાર્થને ખાતર ન કરતા. એ નીતિ-યુદ્ધોથી જગદ્વ્યાપી વિગ્રહ જગાવવાની કે જગત્ આખામાં પોતાની સત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમાવવાની કોઇને સ્વપ્ને પણ ઇચ્છા ન જ થતી. નીતિ–યુદ્ધો પ્રેમના અવિચલ સિદ્ધાન્ત ઉપર જ નિર્ભર રહેતાં.

પ્રેમથી સત્ય ગૌરવની નિષ્પત્તિ થાય છે. પ્રેમથી વિશ્વાસનો પ્રાદુર્ભાવ થાય છે. તિરસ્કાર–વૃત્તિથી વૈરવૃત્તિ અને આશંકા પરિણમે છે. પ્રેમથી આંતરિક અને બાહ્ય શાન્તિ અને ઐક્યના ઉદ્‌ગણુ પણ થાય છે. આદર્શ નૃપતિ શ્રી રામચંદ્રના રાજ્યકાળમાં કોઈ ભય શું એ જાણતું પણ નહોતું. સર્વ પ્રજાજનોનો પરસ્પર સંપૂર્ણ પ્રેમ હોવાથી સર્વત્ર શાન્તિ અને સુખ પ્રવર્ત્તતાં હતાં.

આજે પણ જનતામાંથી તિરસ્કારનો તિરોભાવ થાય અને સંપૂર્ણ પ્રેમની સર્વત્ર પરિણતિ થાય તો જનતામાં સુખ સંપત્તિ અને શાન્તિ ઉભરાઇ જાય એ નિઃશંક છે. રાજ્યશાસનો પ્રેમથી પ્રવર્ત્તવા માંડે તો સર્વત્ર સંતોષ વ્યાપી રહે. લાખો શસ્ત્રાસ્ત્રો અને મહાન્ સૈન્યોની કંઇ જરૂર ન રહે, રાષ્ટ્ર–બલવર્દ્ધક સર્વ ક્ષેત્રોને યોગ્ય પોષણ મળે. આજનું રાજકારણ જ એવું છે કે એને પ્રતાપે યુદ્ધો થયાં જ કરે. આધુનિક રાજકારણથી શાન્તિની સ્થાપના કોઇ કાળે શક્ય જ નથી. આથી એમાં યોગ્ય પરિવર્તન થવું ઘટે છે. જે તે રાજ્યતંત્રમાં જે અનિયંત્રિત તત્ત્વો હોય તેનો સર્વથા ઉચ્છેદ કરીને પ્રત્યેક રાજ્યતંત્રનું નિર્માણ વિશુદ્ધ પ્રેમ અને પાત્રતાયુક્ત શક્તિ ઉપર જ થવું જોઇએ. આ પ્રમાણે રાજતંત્રોમાં યોગ્ય પરિવર્તન કરવામાં જગતનો કલ્યાણમાર્ગ છે. દુઃખી અને પીડિત જનતાનો એ મુક્તિમંત્ર છે. વિશુદ્ધ પ્રેમ ઉપર જ સંસ્થાપન થતાં રાજ્યતંત્રોમાં જ જગતનો વાસ્તવિક ઉદ્ધાર છે.

વિશુદ્ધ પ્રેમની સંસ્થાપના પ્રજ્ઞાથી થાય છે. વિશુદ્ધ પ્રેમથી ભય અને દંભનું નિર્મૂલન થાય છે. વિશુદ્ધ પ્રેમભાવથી વિગ્રહની અશાન્તિયુક્ત પરિસ્થિતિ પરમાત્માનાં અધિરાજ્યરૂપે પરિણમે છે. પ્રેમના અવિચળ સિદ્ધાન્તનો સ્વીકાર ન થાય ત્યાં સુધી રાજકારણનાં સર્વ ધ્યેયો નિષ્ફળ નીવડે છે. કોઇ પણ ધ્યેય ચિરસ્થાયી બની શકતું નથી. કોઇ પણ રાજ્ય અસ્ત્રશસ્ત્રોની ગમે તેટલી સામગ્રી છતાં ચિરકાલ સુધી ટકી શકતું નથી.

રાજકીય મહત્તા હૃદયની નીતિ ઉપર જ નિર્ભર રહે છે. હૃદયની નીતિનાં અનુકરણમાં જ રાજકીય ગૌરવ સચવાય છે. પ્રેમ કે સદ્દિચ્છાનો ઉચ્છેદ થતાં, રાજકીય ગૌરવનો તિરોભાવ થાય છે. જે પ્રજાઓ પ્રેમ અને ભ્રાતૃભાવને તિલાંજલી આપી, અહંભાવ આદિથી ઓતપ્રોત બને છે તે પ્રજાઓનું અધઃપતન થાય છે એ નિઃસંશય છે. રોમનો*, યહુદીઓ અને હિન્દીઓનું અધઃપતન પ્રેમ અને ભ્રાતૃભાવના પરિત્યાગથી કોઇ પ્રજાનું કેવું અધઃપતન થાય છે તેનાં દૃષ્ટાન્ત રૂપ છે. સત્યની ઉપેક્ષાથી હિન્દીઓમાં કુસંપનો પ્રાદુર્ભાવ થયો અને એ રીતે હિન્દીઓનો અધઃપાત થયો. હિન્દીઓના મુસ્લીમ વિજેતાઓનો પણ ભ્રાતૃભાવને અભાવે જ વિનિપાત થયો. (ચાલુ)

---

* રોમનો અહંભાવ ઉપરાંત ખાનપાન આદિમાં અત્યંત ઉન્મત્ત બની ગયા હતા. *Eat, drink and be merry* ( ખાઓ, પીઓ અને આનંદ–વિલાસ કરો ) એ એવીક્યુરીયન તત્ત્વજ્ઞાન તેમને અત્યંત રુચિકર થઇ પડયું હતું. હજારો રોમનો ખાનપાનના એટલા શોખીન બન્યા હતા કે, પ્રતિદિન અનેકવાર આહાર આદિ ગ્રહણ થઈ શકે તે માટે તેઓ આહાર ગ્રહણ કરી વમન કરતા, પાછો આહાર લેતા અને વમન કરતા. આ પ્રમાણે નિરંતર ચાલ્યા કરતું હતું. અતિશય વિલાસ–વૃત્તિને કારણે જ રોમનોનું અધઃપતન થયું એ સુવિદિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ : અભ્યાસી B. A.

# સાધન સંબંધી કેટલીક વાતો.

સાધન સંબંધી નીચેના ત્રણ સુંદર પ્રશ્નો પર જરા વિચાર કરીએ.

( ૧ ) શુદ્ધ, સાત્ત્વિક જીવન કેવી રીતે જીવી શકાય ?

( ૨ ) ભક્તિ કેવા પ્રકારની જોઇએ ?

( ૩ ) મન ખબ જ ચંચળ છે, તેને વશ કરવાનો શો ઉપાય ?

( ૧ ) સદ્‌ગુણ-સદાચારનું સેવન તથા દુર્ગુણ-દુરાચારનો ત્યાગ એ જ શુધ્ધ, સાત્ત્વિક જીવનનું સ્વરૂપ છે. સદ્‌ગુણ-સદાચાર તથા દુર્ગુણ-દુરાચારની ટૂંકી વ્યાખ્યા એવી છે કે સદ્‌ગુણ-સદાચાર દૈવી સંપત્તિના નામથી ઓળખાય છે. અને દુર્ગુણ-દુરાચાર આસુરી સંપત્તિના નામથી ઓળખાય છે. દૈવી સંપત્તિનું સ્વરૂપ આ પ્રકારનું છેઃ—

**अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।**
**दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥**
**अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।**
**दया भूतेष्वलोलुपत्वं मार्दवं ह्रीरचापलम् ॥**
**तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।**

અર્થાત્ કોઇપણ કારણથી ભય ન થવો; અંતઃકરણ સારી રીતે સ્વચ્છ હોવું; પરમાત્માના સ્વરૂપનું તત્ત્વ જાણવા માટે તેના ધ્યાનરૂપી યોગમાં નિરંતર દૃઢતાપૂર્વક સ્થિત રહેવું; દેશ, કાળ, પાત્રનો વિચાર કરીને કેવળ કર્તવ્ય-બુધ્ધિથી દ્રવ્ય અથવા આવશ્યક વસ્તુનું દાન કરવું; ઇન્દ્રિયોને પોતાને વશ રાખવી અર્થાત્ ઇન્દ્રિયોદ્વારા નિષિધ્ધ વિષયોનું સેવન ન કરવું તેમજ વિહિત ભોગોનું પણ યોગ્ય માત્રાથી વધારે સેવન ન કરવું; ભગવાનની અથવા કોઇ શાસ્ત્રોક્ત દેવતાની મૂર્તિની શાસ્ત્રોક્ત વિધિથી અધિકારાનુસાર પૂજા કરવી તથા ઉત્તમ કર્મોનું આચરણ કરવું; શાસ્ત્રોના પઠન-પાઠનપૂર્વક ભગવાનના નામ તથા ગુણોનું કીર્તન કરવું; સ્વધર્મપાલન માટે કષ્ટ સહન કરવું તથા શાસ્ત્રાનુમોદિત વ્રત-ઉપવાસ, તીર્થાટન વગેરે કરવું; શરીર તેમજ ઇન્દ્રિયો સહિત અંતઃકરણની સરલતા; મન, વાણી, શરીરવડે કોઇને કોઇપણ પ્રકારનું કષ્ટ ન દેવું; અંતઃકરણ તેમજ ઇન્દ્રિયો જે નિશ્ચય કર્યો હોય તે પ્રિય શબ્દોમાં કહેવો; આપણું ખરાબ કરનાર પ્રત્યે પણ ક્રોધ ન કરવો; કર્મોમાં કર્ત્તાપણાના અભિમાનનો ત્યાગ; અંતઃકરણની ઉપશમતા અર્થાત્ ચિત્તની ચંચળતાનો અભાવ; કોઇની પણ નિન્દા, ચાડી-ચુગલી ન કરવી; સઘળાં પ્રાણીઓ પર હેતુ રહિત દયા કરવી; ઇન્દ્રિયોનો વિષયોની સાથે સંયોગ થવા છતાં પણ આસક્તિ ન થવી; સ્વભાવની કોમળતા; લોક તેમજ શાસ્ત્રથી વિરુધ્ધ આચરણમાં લજ્જા; વ્યર્થ ચેષ્ટાઓનો અભાવ; *તેજ; ક્ષમા; મોટામાં મોટું દુઃખ આવે તો પણ વિચલિત ન થવું; પવિત્રતા; કોઇપણ પ્રાણી પ્રત્યે વેરભાવ ન રાખવો તથા વર્ણ, જાતિ, કુલ, વિદ્યા, રૂપ, ધન, બળ, વગેરેનું અભિમાન ન કરવું-એ સર્વ દૈવી સંપત્તિના લક્ષણ છે. દૈવી સંપત્તિ બતાવવાની સાથે એ વાત આપોઆપ સમજાઇ જાય એમ છે કે તેના વિરોધી જેટલા ગુણો તેમજ આચરણ છે તે બધા, આસુરી સંપત્તિના અંતર્ગત છે.

તે સિવાય આસુરી સંપત્તિના જુદા લક્ષણ પણ કહ્યા છે કે—

**दम्भो दर्पोऽभिमानश्च, क्रोधः पारुष्यमेव च ।**
**अज्ञानं चाभिजातस्य, पार्थ ! संपदमासुरीम् ॥**

* શ્રેષ્ઠ પુરુષોની એ શક્તિનું નામ 'તેજ' છે કે જેના પ્રભાવથી તેની સામે વિષયાસક્ત અને નીચ પ્રકૃતિવાળો મનુષ્ય પણ ઘણે ભાગે અન્યાયાચરણ કરતો અટકીને તેના કથનાનુસાર શ્રેષ્ઠ કર્મોમાં પ્રવૃત્ત થઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોરતા તથા અજ્ઞાન એ આસુરી સંપત્તિના લક્ષણ છે.

ઉપર કહેલા દૈવી ગુણોનું ગ્રહણ અને આસુરી ભાવના ત્યાગપૂર્વક સ્વધર્માનુકૂળ જીવન વિતાવવું એ જ શુધ્ધ, સાત્વિક જીવન છે. એ પ્રકારનું જીવન જ મોક્ષ પ્રાપ્ત કરવામાં સહાયભૂત બને છે. તેથી કલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યે દૈવી સંપત્તિનું અર્જન અને આસુરી સંપત્તિનો ત્યાગ કરવો જોઇએ.

( ૨ ) બીજો પ્રશ્ન ભક્તિ સંબંધી છે. ભક્તિની અનેક પ્રણાલીઓ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે. એમાંથી માત્ર બે પ્રણાલીયોનું વર્ણન અહિંયા કરશું.

એક પ્રણાલી તો એ છે કે જેમાં ભજન, ધ્યાન, જપ-કીર્તન, પૂજા-અર્ચા, સ્વાધ્યાય-સત્સંગ વગેરેની પ્રધાનતા છે; બીજી પ્રણાલી એ છે કે જેમાં સમસ્ત વિશ્વને પરમાત્મરૂપ સમજીને પોતાના સ્વભાવનિયત કર્મોદ્વારા વિશ્વરૂપ પરમાત્માની પૂજા કરવામાં આવે છે.

પહેલી પ્રણાલીનો ઉલ્લેખ અનેક સ્થળે કરવામાં આવ્યો છે.

આ પ્રકારની ભક્તિ માટે પહેલી શરત તો એ કહેવામાં આવી કે ઉપર્યુક્ત ભક્તિનાં સાધન કરનારે ઉપર કહેલી દૈવી સંપત્તિનો આશ્રય લેવો જોઇએ. એ વગર અનન્ય ચિત્તથી ભગવાનનું ભજન નથી થઇ શકતું. બીજી આવશ્યકતા છે ભગવાનને સર્વ પ્રાણીઓનું સનાતન કારણ અને નાશ રહિત અક્ષરસ્વરૂપ જાણવાની. જે કોઇની ભક્તિ આપણે કરવા ચાહીએ તેનું સ્વરૂપ પહેલું જાણી લેવાની આવશ્યકતા છે. જેની ભક્તિ આપણે કરવા ચાહીએ તે કોણ છે? કેવા છે? એ જાણ્યા વગર આપણે તેની શી ભક્તિ કરીયે? ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તો તેની ભક્તિ કરવાથી જ થાય છે; પરંતુ પહેલાં શાસ્ત્રો તેમજ મહાત્માઓદ્વારા તેનું સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરી લેવું આવશ્યક છે. તે વગર આપણે ભક્તિમાં પ્રવૃત્ત નહિ થઇ શકીએ. ભગવાનની ભક્તિદ્વારા જો આપણે ભગવાનના અવિનાશી પરમ ધામ-શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરવા ચાહતા હોઇએ તો આપણા માટે એટલું જાણી લેવું આવશ્યક છે કે આપણા ઉપાસ્ય પણ અનાદિ તેમજ અવ્યય છે. જે પોતે આદિઅન્તવાળો હોય છે તેની ઉપાસના કરીને આપણે અક્ષયસ્થાનની પ્રાપ્તિ કેવી રીતે કરી શકીએ? એટલા માટે જ કહ્યું છે કે-

**अन्तवत्तु फलं तेषां, तद्भवत्यल्पमेधसाम् ।**
**देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥**

'અનાદિ અનન્ત ભગવાન સિવાય અન્યને દેવ-માની ઉપાસના કરનાર અલ્પબુધ્ધિવાળાઓનું એ ફળ નાશવાન હોય છે; કેમકે દેવતાઓને પૂજનાર દેવતાઓને પ્રાપ્ત થાય છે. ભગવાન સિવાય એ બધા અલ્પ છે, એટલા માટે અન્ય દેવતાઓને ભગવાન માની તેની ઉપાસના કરનારને 'અલ્પબુદ્ધિ' કહેવામાં આવ્યા છે;

ત્રીજી અને સૌથી મુખ્ય વાત છે અનન્ય મનથી યુક્ત બનીને ભગવાનને નિરંતર ભજવાની. ભગવાન માટે જ ભગવાનને પ્રેમપૂર્વક નિરંતર ભજવા તેને અનન્ય ભક્તિથી ભજવું કહેલ છે.

જે લોકો કોઇ પણ સાંસારિક કામના-સ્ત્રી, પુત્ર, ધન, કીર્તિ, સ્વર્ગસુખ વગેરે માટે-ભગવાનને ભજે છે તેઓ અનન્ય મનથી યુક્ત નથી ગણાતા, કેમકે તેઓનું મન તો ભોગોમાં ફસાયલું રહે છે. ભગવાનને તો તેઓ એ ભોગોની પ્રાપ્તિનું સાધન માત્ર સમજે છે. બીજી વાત એ છે કે તેવા લોકો મહાત્મા નથી કહેવાતા. મહાત્મા તો એ છે કે જેઓએ પોતાનો આત્મા અર્થાત્ મન-બુધ્ધિને અનન્ય ભાવવડે '**महतो महीयान्**' ભગવાનમાં જોડી દીધેલ હોય છે અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# આભાર દર્શન.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને** ગયા કારતક શુદિ ૨ ના રોજ ૭૦ વર્ષ પૂરા થઈ ૭૧ મું વર્ષ બેસતું હોવાથી તે જન્મતિથિના મહામાંગલિક પ્રસંગની યાદગીરી નિમિત્તે આ સભાએ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને વિનંતિ કરવાથી અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ-મેમ્બરોને આત્માનંદ શતાબ્દિ સ્મારક ગ્રંથ આ વખતે ભેટ આપવા કૃપા દર્શાવેલ હોવાથી પૂજ્ય આચાર્યશ્રીનો આભાર માનવા સાથે આ ગ્રંથ આ સભા તરફથી ભેટ આપવામાં આવશે.

---

## સુધારો—

**શ્રી વસુદેવહિંડિ** પ્રથમ ખંડ પ્રથમ ભાગમાં આભાર દર્શનના પેજમાં રૂા. ૧૨૦૦) શ્રી કપડવંજના સંઘ તરફથી મળ્યાનું છપાએલ છે તે ભૂલથી છપાએલ છે પરંતુ તેને બદલે ત્યાંના શ્રી સંઘ તરફથી રૂા. ૬૦૦) મળ્યા છે તેમ સમજવું.




### સત્કાર.

ગયા કારતક શુદિ ૨ પૂજ્યપાદ આ. શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ૭૦મા જન્મતિથિ મહોત્સવ પ્રસંગે ગુજરાંવાલા ( પંજાબ )માં શ્રી વિજયાનંદ જૈન શ્વેતાંબર કમિટી અને લાલા જગન્નાથ દિવાનચંદે પોતાના તરફથી બે સોનાના મેડલો ક્ષત્રિ તેજરામને પોતાની બનાવેલી વલ્લભ ગુરુસ્તુતિ સંભળાવી લોકોને મુગ્ધ કર્યાં હતા તેથી આપવામાં આવ્યા હતા.

---

### ગુરુકુળનું ખાતમુહૂર્ત.

ગઈ કારતક શુદ ૧૦ના રોજ આચાર્ય મહારાજની હાજરીમાં શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ ગુજરાનવાલામાં જૈન ગુરુકુળનો પાયો ગુરુકુળના વિદ્યાર્થી રઘુવીરકુમારના હાથે ખોદવાની શરૂઆત કર્યા બાદ સર્વ વિદ્યાર્થી અને માસ્તરોએ તે કાર્યમાં સહકાર આપ્યો હતો અને પછી ગુરુકુળના સેક્રેટરી શ્રીયુત્ બાબુ જિનદાસજી વકીલ બી.એ. એલ.એલ.બી. એ માટીની ટોપલી પોતાના શિર ઉપર ઉપાડી ફેંકી હતી જે સેવાભાવી દેખાવનું દૃશ્ય જોવા જેવું હતું.

શુદ ૫ના રોજ જ્ઞાનભક્તિ, શુદ ૧૪ના રોજ શ્રી સંઘ સાથે પ્રતિક્રમણ કર્યું અને શુદ ૧૫ના

---

જેઓએ ભગવાનને જ પોતાનો આત્મા બનાવી લીધેલ હોય છે.

ભગવાનનું અનન્ય પ્રેમપૂર્વક નિત્ય નિરંતર ચિંતન એ જ તેનું મુખ્ય અંગ છે. એના ઉપર જ સ્થળે સ્થળે ખબ ભાર મૂકવામાં આવ્યો છે અને તેનાથી ભગવાનની પ્રાપ્તિ સુલભ બતાવી છે. ભગવાનનું નામ-ગુણ કીર્તન અનન્ય ચિંતનમાં વિશેષ સહાયક છે અને તેથી જ તેનો પણ અહિં પ્રધાન રૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોજ વરઘોડાની સાથે શ્રી આત્માનંદ જૈન ભુવનમાં સિદ્ધાચળજી પટ્ટના દર્શન કરી પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજની પાદુકાના દર્શન શ્રી સંઘ સહિત આચાર્ય મહારાજે સપરિવાર કર્યાં હતા.

કારતક વદ ૨ તા. ૧૭–૧૧–૪૦ના રોજ શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના મકાનનું ખાતમુહૂર્ત શ્રી ચતુર્વિધ સંઘ સમસ્ત બાબુ ફૂલચંદજી જૈન મોદ્યા રેવન્યુ કમીશ્નર, કાશ્મીર સ્ટેટના શુભ હસ્તે સવા-આઠ વાગે કરવામાં આવ્યું. બાદ જાહેર સભા ભરી બાબુ મોહનલાલે સંઘ સમક્ષ માનપત્ર વાંચી શ્રી રેવન્યુ કમીશ્નરને અર્પણ કર્યું.

ત્યારબાદ આચાર્ય મહારાજે કેળવણી અને બોર્ડિંગોની જરૂરીયાત ઉપર એક મનનીય વ્યાખ્યાન આપ્યું- સેક્રેટરીએ ગુરુકુળનો રિપોર્ટ વાંચી સંભળાવ્યા બાદ માનપત્રનો સ્વીકાર કરતા રેવન્યુ કમીશ્નર સાહેબે રૂા. ૧૦૦૧), રૂા. ૨૦૦૦) નારોવાલવાસી લાલા જંગેરીમલજીએ, રૂા. ૫૦૧) એક ઓરડા માટે સાધ્વીજી શ્રી દેવશ્રીજીના ઉપદેશથી શ્રાવિકા સંઘ ગુજરાનવાલાએ, રૂા. ૫૦૧) લાલા ગોકુળશાહ જૈન મન્હાણી ધનદેવીના નામે એક ઓરડા માટે, રૂા. ૬૦ ગુરૂકુળના વિદ્યાર્થીઓ માટે આજના ભોજન નિમિત્તે આપવામાં આવ્યા.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ તરફથી રૂા. ૨૧) આર્ય સમાજ ગુરુકુળ અને રૂા. ૧૧) હિન્દુ સ્કૂલને આપ્યા, અને આર્ય સમાજ ગુરુકુળના અધિષ્ઠાતાએ પોતાના તરફથી રૂા. ૫૧) શ્રી આત્માનંદ જૈન ગુરુકુળને આપી સહકાર સાધ્યો. એ રીતે પ્રભાવના વગેરે થતાં સભા વિસર્જન થઇ હતી.

---

## જયંતી—

કારતક શુદ ૧૫ ના રોજ શ્રી હેમચંદ્રાચાર્યની જયંતી મ્યુનિસિપાલ કમીશ્નરના અધ્યક્ષપણા નીચે સમારોહપૂર્વક ઊજવવામાં આવી. અનેક વિદ્વાનોના તે વિષયો ઉપર ભાષણો થયા. આચાર્ય મહારાજ વિહાર કરવાની ઉતાવળ કરતાં ત્યાંની જૈન અને જૈનેતર પ્રજાના ઘણા જ આગ્રહથી થોડા દિવસ રહી વિહાર કરશે.

---

## સર્વધર્મ પરિષદમાં ભાષણ.

તા. ૧ ડીસેમ્બર ૧૯૪૦ ના મુસલમાનોની અંજમને અહમદિયા તરફથી પંજાબમાં કેટલાક સ્થાનોમાં સર્વધર્મ પરિષદની આયોજના કરવામાં આવી હતી. તેમની તરફથી જૈન સમાજને પણ પોતાના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીનું ચરિત્ર અને તેમનો સંદેશ સંભળાવવાને માટે નિમંત્રણ મળ્યું હતું.

ગુજરાંવાલામાં આચાર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજશ્રીની આજ્ઞાથી આત્માનંદ જૈન ગુરુકુળના ધર્માધ્યાપક પંડિત ઇશ્વરલાલજી જૈને જૈન સમાજ તરફથી પ્રવચન કર્યું હતું જેમાં ભગવાન મહાવીરનું ચરિત્ર અને તેમનો સંદેશ, અહિંસા, સ્યાદ્વાદ અને વિશ્વપ્રેમ ઉપર સારો પ્રકાશ પાડ્યો હતો.

તે પ્રમાણે રાવલપીંડિમાં શ્રી પૃથ્વીરાજજી જૈને પ્રવચન કર્યું હતું.

---

## આચાર્યશ્રીજીનો વિહાર.

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર વિહાર કરી શ્રી આત્માનંદ જૈન ગુરુકુળમાં પધાર્યા. ત્યાં તેમનું ભવ્ય સમારોહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું તથા અભિનંદન પત્ર સમર્પિત કરવામાં આવ્યું. ત્યાં બે દિવસની સ્થિરતા કરી આચાર્યશ્રીએ સપરિવાર પપનાખા તરફ વિહાર કર્યો. ત્યાં જૈન જૈનેતર જનતા તરફથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યાં ૩–૪ દિવસ સ્થિરતા કરી જેહલમ તરફ વિહાર કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## સમ્રાટ સંપ્રતિ યાને પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા.

લેખક:–સાહિત્યસેવક **મંગળદાસ ત્રિકમદાસ ઝવેરી**, મુનિમ, શ્રી થાણા જૈન દેરાસર.

**આ** એક જૈન ઇતિહાસ સાહિત્યનો ગ્રંથ છે. અત્યાર સુધી જૈન ઇતિહાસ શ્રી મહાવીર પ્રભુથી અત્યાર સુધીનો સંકલના અને પ્રમાણોપૂર્વક પ્રકટ થયો નથી. જૈન વિદ્વાનો, મુનિવરો કે જૈન બંધુઓ કે જેઓ ઇતિહાસના અભ્યાસી અને ઘણા વર્ષોથી તેની ખોજ કરનારા હોય, ભાષાઓનું પણ જ્ઞાન ધરાવતા હોય તેવા સાહિત્યરત્નો તેવો ઇતિહાસ જો કે લખી શકે, કારણ કે જૈન સાહિત્યસાગરમાંથી માત્ર ઇતિહાસ સાહિત્ય તો વિવિધ સાહિત્ય પૈકીનું મુખ્ય એક અંગ છે. કોઇ પણ દર્શનને પોતાની ઉન્નતિ અને પ્રગતિના પંથે પ્રયાસ કરવા માટે પોતાના ઇતિહાસ વગર ચાલી શકે નહિ. જૈન ઇતિહાસની જૈન સમાજને પણ તેટલી જ જરૂર છતાં તેવો સંકલનાપૂર્વકનો ઇતિહાસ જ્યાં સુધી લખાય નહિ ત્યાં સુધી વર્ષોના સંશોધનપૂર્વકના પ્રયત્ને પ્રકટ કરેલ આ સમ્રાટ્ સંપ્રતિનો ઐતિહાસિક ગ્રંથ, હવે પછીના સંકલનાપૂર્વક જૈન ઇતિહાસ લખનારને આવશ્યકીય સાધનરૂપ થઇ પડે તેમ અમારું માનવું છે.

જો કે આ ગ્રંથ વાંચતાં અમારા જાણવા પ્રમાણે કોઇ કોઇ સ્થળે સ્ખલના છે અને અન્ય સાહિત્યવર્ય કે વિદ્વાનવર્ય કંઇપણ ભૂલ–સ્ખલના બતાવે તો, પ્રસ્તાવનામાં પણ લેખક બંધુ તે માટે જણાવે છે કે " મારો પ્રથમ પ્રયાસ હોવાથી તેમજ છદ્મસ્થ હમેશાં ભૂલપાત્ર છે, જેથી કોઈ વ્યક્તિ ભૂલો જણાવે તો સુધારવા તૈયાર છું." તેઓએ અનેક વર્ષો સુધી કરેલ સૂક્ષ્મ સંશોધન અને આ ગ્રંથ લખવા માટે કરેલ અભ્યાસથી લખાયેલ આ ગ્રંથ વાંચવા જેવો અનેક હકીકતો જાણવા જેવો બન્યો છે એમ કહેવું યોગ્ય છે; કારણ કે આ ગ્રંથના લેખક બંધુએ સમ્રાટ્ સંપ્રતિના માટે પોતાની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે–" મારે કેટલાક પૂજ્ય સૂરિવરોના તે માટે અભિપ્રાય લેવા પડ્યા છે," તેટલું જ નહિ પરંતુ પ્રસ્તાવનાના તેરમા પાનામાં લેખકે જણાવ્યા પ્રમાણે અનેક વિદ્વાન મુનિરાજોએ તો શાસ્ત્રીય શહાદતો પૂરી પાડવાનું અને અનેક વિદ્વાન આચાર્ય મહારાજાઓના અભિપ્રાય લીધાનું જણાવી તે અભિપ્રાયો આ ગ્રંથમાં દાખલ કરેલા જોવાય છે તેથી, તેમજ આ ગ્રંથ બને ત્યાં સુધી પ્રમાણભૂત બને તે માટે લેખકે ૬૨ ગ્રંથો (જૈન આગમો, કથા, વેદ, પુરાણો, બૌદ્ધ ગ્રંથો વિગેરે) તેમજ ટોડ રાજસ્થાન અને અન્ય ઐતિહાસિક ગ્રંથો વિગેરેનો જે ઉપયોગ કર્યો છે તેના નામો પણ આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે, જેથી આ ગ્રંથ માટે તેઓએ કરેલો પ્રયત્ન આવકારદાયક હોવા સાથે સંપ્રતિ મહારાજ થઇ ગયા છે તેમ સિદ્ધ કરે છે. આ ગ્રંથમાં ઇતિહાસ તો છે પરંતુ તે ઉપરાંત ભારતીય પ્રાચીન ઇતિહાસ અને શ્રમણ સંસ્કૃતિ સાથે તેને સંબંધ ધરાવતી પુષ્કળ જાણવા જેવી હકીકતો પણ આપેલી છે. સંપ્રતિ મહારાજે પ્રતિષ્ઠિત કરેલ કે તે વખત·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના પ્રતિષ્ઠા પામેલ પ્રતિમાજી આજે નવા દેરાસરમાં બિરાજમાન કરવા માટે ખાસ માંગણી થાય છે અને પ્રતિમાજી ઉપરના અમુક ચિન્હથી તેના જાણુકાર તે પ્રતિમા તે વખતની છે તેમ જણાવે છે.

આ ગ્રંથ આઠ વિભાગ અને ૯૫ પ્રકરણોમાં લખવામાં આવ્યો છે. **પ્રથમ વિભાગમાં** શ્રી આદિનાથ પ્રભુ પૂર્વેની સ્થિતિ અને ચરિત્ર, આગમોની શ્લોકસંખ્યા અને નામો વગેરે આપેલા છે. **બીજા વિભાગમાં** મહારાજા શ્રેણિક–કોણિકનું ચરિત્ર, શ્રી મહાવીર પ્રભુ અને ગૌતમબુદ્ધનું ચરિત્ર, બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ અને જૈન ધર્મ સાથેની કેટલીક સામ્યતા વિગેરે આવેલ છે. **ત્રીજા વિભાગમાં** નંદવંશી રાજાઓના વર્ણન સાથે તેના અમલના વર્ષો, મગધનો ભયંકર દુષ્કાળ, શ્રી ભદ્રબાહુસ્વામી અને સ્થૂલિભદ્રનું સંક્ષિપ્ત ચરિત્ર, પરદેશી આક્રમણની શરૂઆત, ચાણાક્યે કરેલો નંદવંશનો નાશ અને મૌર્ય વંશની ઉત્પત્તિ આવેલી છે. **ચોથા વિભાગમાં** ચંદ્રગુપ્ત, બિંદુસાર તથા અશોકના વૃત્તાંત, ધાર્મિક કાર્યોની નોંધ, સીકંદર અને સેલ્યુકસની ભારત ઉપરની ચડાઈ, કુણાલનો અંધાપો, સંપ્રતિ મહારાજનો જન્મ અને કુણાલની કુનેહથી રાજ્યપ્રાપ્તિ વિગેરે વર્ણનો આપેલા છે. **પાંચમા વિભાગમાં** સંપ્રતિ રાજાનો રાજ્યાભિષેક, જીવંતસ્વામીની પ્રતિમાનું વર્ણન, સંપ્રતિ રાજાને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવું અને સુહસ્તિસૂરિ મહારાજે કહેલ પૂર્વભવ, તેના લગતા નિશીથ ચૂર્ણી, કલ્પદીપિકા, કલ્પસૂત્ર, કલ્પલતા તથા નવાંગી ટીકાકાર મહારાજશ્રી અભયદેવસૂરિરચિત સંપ્રતિ રાજાની બનાવેલી સંસ્કૃત કથા વગેરે ગ્રંથો અને ગ્રંથકારોની સંપ્રતિ મહારાજાના અસ્તિત્વપણા માટેની શહાદતો, શ્રી સંપ્રતિની તીર્થયાત્રા, અશોકની સંમતિ, રથયાત્રાનો અપૂર્વ મહોત્સવ, સંપ્રતિએ સામંતોને આપેલ ઉપદેશ, તેની જૈન ધર્મ પ્રત્યે અચળ શ્રદ્ધાને લઇને તેમણે લીધેલ હંમેશ એક જિનમંદિરના નિર્માણનો અભિગ્રહ, પાંચમા આરાનું સ્વરૂપ, સંપ્રતિએ નેપાળ, ખોરાન, અફઘાનિસ્તાન આદિ પ્રાંતો પર મેળવેલો વિજય, જૈન ધર્મના પ્રચાર માટે, અપરિમિત શ્રમ, મૌર્યવંશી કુટુંબમાં આંતરિક ક્લેશ થતાં તેનું પતન વગેરે વિષયો આપવામાં આવ્યા છે. **છઠ્ઠા વિભાગમાં** કલંકીનું સ્વરૂપ, પુષ્યમિત્રની જીવનરેખા અને તેણે કરેલા અકાર્યો, તેનો વિનાશ, પાટલીપુત્રનું પતન અને દિવ્યાવદાન બૌદ્ધગ્રંથની શહાદત આપવામાં આવેલ છે. **સાતમા વિભાગમાં** મહારાજા ખારવેલનું વર્ણન અને ગુફાઓનું ખ્યાન, ગર્દભીલ્લ અને શ્રી કાલકાચાર્યનો સંબંધ, અન્ય કાલિકાચાર્ય સંબંધી ચોખવટ, વિક્રમ સંવત અને શાલિવાહન શકની શરૂઆત વિગેરે વર્ણનો આપવામાં આવેલ છે. **આઠમા વિભાગમાં** માર્ય અને નંદવંશની રાજ્યકાળ ગણનામાં ક્યાં કેવી રીતે ભૂલ થવા પામી છે તેની પર્યાલોચના અને છેવટે ચાર પરિશિષ્ટોમાં જૈનાચાર્યોની સાહિત્યસેવા જાણવા માટે ક્યા ક્યા સંવતમાં શું શું બન્યું તેની સંક્ષિપ્ત હકીકત આપી આ ગ્રંથ પૂર્ણ કર્યો છે.

આ ગ્રંથમાં જ્યાં જોઇએ ત્યાં તીર્થોના, પ્રભુના આચાર્યમહારાજા, મુનિઓ તથા ઉપયોગી સ્થળો વિગેરેના છત્રીશ સુંદર ફોટાઓ આપી વિશેષ ઉપયોગી બનાવ્યો છે. તે પણ ઇતિહાસ સાથે કેટલીક રીતે અગત્યનો ભાગ ભજવે છે. ગ્રંથની બાહ્ય સુંદરતામાં પણ બાઇન્ડીંગ અને કવર જેકેટ ઉપર સંપ્રતિ મહારાજાના ફોટાઓ આપી ગ્રંથની ઉપયોગિતામાં વધારો કર્યો છે, લેખક ઝવેરી મંગળદાસ ત્રિકમદાસે આ ગ્રંથ લખવા માટે કરેલ પ્રયાસ ઉપયોગી અને પ્રશંસનીય છે. હવે તે બંધુ કોઇ વિદ્વાન વ્યકિત જે જે સ્ખલના શાસ્ત્રીય રીતે બતાવે તે તે સુધારવા પ્રયત્ન કરશે. જ્ઞાનભંડાર અને લાઇબ્રેરીમાં રાખવા જેવો આ સુંદર ગ્રંથ થયો છે. પ્રકાશક–શાહ ખેંગારજી હીરાજીની કાં. સાયલા ( મારવાડ ), શાહ તારાચંદ કસ્તૂરચંદ, લેટા ( મારવાડ ) તથા ગ્રંથ લેખકને ત્યાંથી ( થાણા જૈન દેરાસરની પેઢી ) મળી શકશે. કિંમત રૂા. ૫–૦–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ટાઇટલ પેજ ૨ નું અનુસંધાન. )

**૪. શ્રી નવસ્મરણ**—સાથે ઉપયોગી સ્તુતિ, શ્લોકો, સ્તવનો વિગેરે સહિત.

**૫. સ્તવન સંગ્રહ**—રચયિતા આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ. ચોવીશ જિનેશ્વર, તીર્થો વિગેરે સ્તવનોનો સંગ્રહ. આચાર્ય મહારાજની કૃતિ ઘણી જ સુંદર છે અને મુંબઇ વિગેરે શહેરમાં બહોળા પ્રમાણમાં તેનો ઉપયોગ થતો જોવાય છે. પાકા બાઇન્ડીંગ સહિતનો સુમારે આઠ ફોર્મ–બસેહ પાનાનો ગ્રંથ

ઉપરના પાંચ ગ્રંથો પોષ વદિ ૫ના રોજ બહારગામના પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે રવાના કરવામાં આવશે. ( નંબર ૧ ) સ્મારક ગ્રંથ મોટો દળદાર ૯૦૦ પાનાનો અને વજનમાં પાંચ રતલ હોવાથી અને સાથેના ચાર ગ્રંથો મળી વજન સાત રતલ થતું હોવાથી રેલ્વે પારસલથી મોકલવામાં આવશે અને પારસલના ખર્ચ પૂરતી રસીદ વી. પી. કરવામાં આવશે.

પ્રથમ ગ્રંથ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની કૃપાથી આપવામાં આવતો હોવાથી તેની ઘણી જ મોટી કિંમત હોવા છતાં, સભાના ધારા પ્રમાણે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને તો ગમે તે કિંમતના પુસ્તકો ભેટ અપાય છે અને બીજા વર્ગના લાઇફ મેમ્બરોને રૂા. ૨–૦–૦ તેની કિંમતમાંથી બાદ કરી ભેટ અપાય છે, છતાં બીજા વર્ગના લાઇફ–મેમ્બરોને પણ આ ગ્રંથની કિંમત વિશેષ હોવા છતાં કંઇપણ કિંમત લીધા સિવાય ભેટ આપવાનો છે.

નંબર ૨ નો ગ્રંથ પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ–મેમ્બરને ( ધારા પ્રમાણે ) ભેટ અને બીજા વર્ગના લાઇફ–મેમ્બરોને રૂા. ૨–૦–૦ તેની કિંમતમાંથી બાદ કરતાં માત્ર આઠ આના લઇ ભેટ આપવાનો છે. બાકી નંબર ૩–૪–૫ ના ગ્રંથ સર્વ માનવંતા લાઇફ મેમ્બરોને કંઇપણ લીધા સિવાય ભેટ આપવાના છે. જેથી પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ–મેમ્બર સાહેબોને પેકીંગ ખર્ચના રૂા. ૦–૪–૦ તથા વી. પી. ખર્ચના રૂા. ૦–૫–૦ મળી રૂા. ૦–૯–૦ નું તથા બીજા વર્ગના લાઇફ મેમ્બર સાહેબોને શ્રી વાસુપૂજ્યસ્વામી ચરિત્રની વધારાની કિંમતના રૂા. ૦–૮–૦ તથા ઉપરોક્ત ખર્ચ મળી રૂા. ૧–૧–૦ નું વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતિ છે.

કદાચ કોઇ સભ્ય સાહેબો ઉપરોક્ત ભેટના ગ્રંથો બીજી રીતે મંગાવવા ઇચ્છા ધરાવતા હોય કે અત્રે સભાની ઓફિસમાંથી તેમની વતી કોઇને આપવાના હોય તો સભાને તાત્કાલિક પત્રદ્વારા જણાવવું જેથી પારસલનો નકામો ખર્ચ કરવો પડે નહિ.

ભાવનગરના લાઇફ–મેમ્બરોએ પોતાના તે ભેટના ગ્રંથો સભાએ આવી લઇ જવા અથવા તો મંગાવી લેવા નમ્ર સૂચના છે.

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શાહ કાન્તિલાલ મૂળચંદ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨ સલોત શાંતિલાલ જગજીવનદાસ | ” | ” |
| ૩ શેઠ હરિલાલ દેવચંદ | ” ( વાર્ષિકમાંથી ) | ” |
| ૪ શેઠ લલ્લુભાઇ દેવચંદ | ” ” | ” |
| ૫ વકીલ સોમચંદભાઇ આશારામ એડવોકેટ | કરજણ | વાર્ષિક મેમ્બર |
| ૬ પારેખ કપૂરચંદ શામજી | ભાવનગર | ” |
| ૭ પારેખ પરમાણંદદાસ વ્રજલાલ | ” | ” |
| ૮ શાહ ત્રિભુવનદાસ મેઘજી | ” | ” |

## માસિકના પ્રકાશન સમયમાં ફેરફાર.

**“ શ્રી આત્માનંદ પ્રકાશ ” દર અંગ્રેજી મહિનાની તા. ૨૦ મીએ બહાર પડતું હતું, તેને બદલે આવતા જાન્યુઆરી ( પોષ ) માસથી દર અંગ્રેજી મહિનાની તા. ૧૦ મીએ બહાર પડશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.


## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | |
|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ | રૂ. ૩-૮-૦ | (૬) બૃહત્કલ્પસૂત્ર ભા. ૪ થો | રૂ. ૬-૪-૦ |
| (૨) ,, દ્વિતીય ભાગ | રૂ. ૩-૮-૦ | (૭) ,, ભા. ૫ મો | રૂ. ૫-૦-૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો | રૂ. ૪-૦-૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | રૂ. ૨-૦-૦ |
| (૪) ,, ભા. ૨ જો | રૂ. ૬-૦-૦ | (૯) બીજો ભાગ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ | રૂ. ૪-૦-૦ |
| (૫) ,, ભા. ૩ જો | રૂ. ૫-૮-૦ | | |

(૧૦) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂ. ૧-૮-૦

---

## ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂ. ૦-૮-૦ | (૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર | રૂ ૧-૧૨-૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂ. ૧-૦-૦ | (૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂ ૧-૧૨-૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂ. ૧-૦-૦ | (૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂ. ૧-૦-૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂ. ૧-૦-૦ | (૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂ ૨-૮-૦ |
| (૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | રૂ. ૨-૦-૦ | (૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂ ૨-૦-૦ |
| (૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | રૂ. ૨-૦-૦ | ,, રેશમી પૂંઠું | રૂ ૨-૮-૦ |
| (૭) ,, ભા. ૨ જો | રૂ ૨-૮-૦ | (૧૭) સતી સુરસુંદરી ચરિત્ર | રૂ ૧-૮-૦ |
| (૮) આદર્શ જૈન સ્ત્રી રત્નો | રૂ. ૨-૦-૦ | (૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂ ૦ ૨-૦ |
| (૯) શ્રી દાનપ્રદીપ | રૂ. ૩-૦-૦ | (૧૯) ,, સોળમો ઉદ્ધાર | રૂ ૦-૪-૦ |
| (૧૦) કુમારપાળ પ્રતિબોધ | રૂ ૩-૧૨-૦ | (૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂ ૦-૧૦-૦ |
| (૧૧) જૈન નરરત્ન ભામાશાહ | રૂ ૨-૦-૦ | (૨૧) શ્રી મહાવીર ચરિત્ર | રૂ ૩-૦-૦ |

## તૈયાર થતાં-છપાતાં ગ્રંથો.

(૧) બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો. (૨) કથારત્ન કોષ શ્રી દેવભદ્રસૂરિકૃત (૩) શ્રી નિશીથચૂર્ણિ સૂત્ર ભાષ્ય સહિત (૪) વસુદેવ હિંડિ ભા. ૩ જો (૫) શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨-૩-૪-૫-૬ સાથે (૬) શ્રી મલયગિરિ વ્યાકરણ.

## તૈયાર થતાં ગુજરાતી ગ્રંથો.

(૧) શ્રી આદિનાથ ચરિત્ર (શ્રી પદ્માનંદ મહાકાવ્ય) (૨) શ્રી સંઘપતિ ચરિત્ર.


( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only